Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री जैन धर्म प्रकाश.

भो भद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशकेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सततस्वप्यरमादशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्र ! निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करादिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः । तन्न युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमलजांबालं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त संज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्संन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. માર્ગશિર્ષ. સં. ૧૯૭૧. શાકે ૧૮૩૬. અંક ૯ મો.

दुनीयामां रहेली मतलब.

સોરઠી રાગ.

દુનીયાં મતલબકી ગરજી.
આપ મોહે નીકે જાન પડી, દુ૦ ટેક.

જોબનવંતી નાર હુવે જબ, પિયાકું રંગ રલી;
જોબન ગયાં કોઈ બાત ન પૂછે, ફિરતી ગલિય ગલી. આ૦ ૧
જબલગેં બેલ વહે બનીયેકા, તબ લગ ચાહ ઘની;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખુંદે એલકી સાર ન જાણે, કૂલના ગલિયે ગલી. આ૦ ૨
હરે પેડ પર પંખી બૈઠા, જપતા નામ હરિ;
પાન ઝડે પંખી ઉડ ચાલ્યા, એહી રીત ખરી. આ૦ ૩
સતવંતી સતસેં ઉડ ચાલી, મોહકે જાલ ફસી;
ભૂધર કહે જિને મર્મ ન જાન્યા, મુરદે સંગ જલી. આ૦ ૪

આખી દુનિયા મતલબની યારી કરનારી છે. ગરજ સરી પછી કોઈ કોઈનો ભાવ પણ પૂછતું નથી. એ વાત વૈરાગ્ય રસમાં નિમગ્ન બની દુનિયાની ખોટી યારી તજી જે એ દુનિયામાંથી ઉદાસીન થઈ રહે છે તેવા નિઃસ્વાર્થી સંત સુસાધુજનો સિવાય સહુ કોઈ સ્વાર્થનિષ્ઠ જનોને એક સરખી રીતે લાગુ પડે છે. તેવી ગરજુ દુનિયાનું ચિત્ર આ પદમાં દોરવામાં આવ્યું છે.

એનું રહસ્ય સમજી એવી દુનિયાના પ્રવાહમાં સર્વથા નહિ તણાતાં બને તેટલા પ્રમાણમાં સ્વાર્થ ત્યાગ કરતા રહેવું અને સદ્ભાગ્ય યોગે મળી આવતા વિરલ સજ્જનોનો સમાગમ કરી તેમનામાંના વિદ્યમાન ગુણોનું અનુકરણ કરી નિઃસ્વાર્થ વૃત્તિ ધારણ કરતાં શિખવું. નિઃસ્વાર્થ વૃત્તિને ધારણ કરી સ્વપરહિત કાર્યમાં અભિવૃદ્ધિ કરવી એ આ દુર્લભ મનુષ્ય જન્મ પામ્યાની સાર્થકતા છે. ઇતિશમ્.

મુ. ક. વિ.

પ્રેમલક્ષણા ભક્તિમય પદદ્વય.

ચંચલ [1]દ્રગ વૃતિ ન ધરતરી. ટેક.
બિન દરસન તરસન કર કર નિત,
બરસત જલ પલ કલ ન પરતરી. ચંચલ૦ ૧

શ્યામ સજલ ઘન, વિમલ નીર કણ, બીન અધીર ચાતકરી;
શશિ બિન ચકોર, [2]જખ બીન સરોર, તીમ બિરહ-
ધોર, ઝલ જલન જરતરી. ચંચલ૦ ૨

કાલ સકલ ગત, અતિ અનંત ભવ, ભવ અટંત ઘાતકરી;
અથ નીરખ નૂર, ઈહ મુનિ [3]કપૂર, કલિમલ કરૂર,
દલ દલન કરતરી. ચંચલ૦ ૩

---

૧ ચક્ષુ—દ્રષ્ટિ ધીરજ ધરતી નથી. ૨ જળાશય વગર મચ્છ. ૩ આ લેખક મહાશય પૂર્વે થયેલા સમજવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨)

દિવાના તેરા દર્શકા એયે યાર મૈં ભી હું. ટેક.
નિરંજન નિરાકાર, અર્જ સુનો જરા;
તું સબકા રહિમકાર[1] હય, લાચાર મૈં ભી હું. દિવાના૦
રખતાહું સરોકાર[2] જો, તુંહીસે મૈં સદા;
દાતાર તુંહી હય, તેરા નાદાર[3] મૈં ભી હું. દિવાના૦
કર્મોકી બડી મર્જસે[4], જહાન[5] હય ભરા;
અવ્વલ[6] હકીમ તું, તેરા બિમાર મૈં ભી હું. દિવાના૦
સુનકે સખુન[7] કપૂરકા, કદમો[8] મેં લો લગા;
તું હમ સિરે સિરદાર, તાબેદાર મૈં ભી હું. દિવાના૦

ज्ञानसार सूत्र विवरण.

अनुभवाऽष्टकम् ॥ २६ ॥

(લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી.)

બાહ્ય અને અભ્યંતર ઉભય પરિગ્રહના ત્યાગી નિગ્રંથ મુનિજનો પવિત્ર શ્રુત-શાસ્ત્રનો પરિચય કરીને પરિણામે જે અનુભવ જ્ઞાનવડે સ્વાત્માનુભવ સંપાદન કરી શકે છે તેનો ઉલ્લેખ મહિમા-પ્રભાવ શાસ્ત્રકાર વર્ણવે છે.

संध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ॥
बुधैरनुभवो दृष्टः, केवलाऽर्कारुणोदयः ॥ १ ॥

ભાવાર્થ—જેમ દિવસ અને રાત્રિથી સંધ્યા જૂદી છે તેમ અનુભવજ્ઞાન પણ કેવલજ્ઞાન શ્રુતજ્ઞાનથી જુદું છે. જેમ સૂર્યઉદય પહેલાં અરૂણોદય થાય છે તેમ કેવલજ્ઞાન પ્રગટ્યાં પહેલાં અનુભવજ્ઞાનનો ઉદય થાય છે. પછી અવશ્ય અલ્પકાળમાં કેવલજ્ઞાન પ્રગટ થાય છે. જેમ અરૂણોદય રાત્રિના અંતે થાય છે, તેમ અનુભવજ્ઞાન પણ શ્રુતજ્ઞાનના અંતે (પરિણામે) પ્રગટે છે. એટલે કે શ્રુતજ્ઞાન કારણ છે અને અનુભવજ્ઞાન કાર્યરૂપ છે. સમ્યગ્ (શ્રુત) જ્ઞાન વિના કદાપિ કોઇને પણ અનુભવજ્ઞાન પ્રગટે નહિ. માટે કાર્યાર્થી જેમ કારણનું સેવન કરે છે તેમ અનુભવજ્ઞાનના અર્થીએ શ્રુતજ્ઞાનનું અવશ્ય આલંબન લેવું જોઇએ. ૧

व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शनमेव हि ॥
पारं तु प्रापयत्येकोऽ-नुभवो भववारिधेः ॥ २ ॥

---

૧ મહેરબાન. ૨ સંબંધ. ૩ કરજદાર-દેવાદાર. ૪ બીમારીથી. ૫ પ્રાણ-આત્મા અથવા દુનિયા. ૬ ઉત્તમ. ૭ અરજ-વાત. ૮ ચરણકમલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવાર્થ—શાસ્ત્રો તો ફક્ત દિગ્દર્શન કરાવે છે. બાકી સંસારનો પાર તો અનુભવજ્ઞાનજ પમાડે છે. જેમ કોઇ માર્ગમાં મળેલું માણસ માર્ગભ્રષ્ટને ખરા માર્ગની દિશા બતાવી દે છે તેમ શાસ્ત્ર મોક્ષમાર્ગની દિશામાત્ર બતાવી દે છે. અને સાથે લીધેલો ભોમિયો જેમ ઠેઠ મુકામે પહોંચાડી આપે છે તેમ સહજ અનુભવજ્ઞાન પણ ઠેઠ પાર પહોંચાડે છે. ૨

अतींद्रियं परंब्रह्म विशुद्धाऽनुभवं विना ॥
शास्त्रयुक्ति शतेनापि, न गम्यं यद् बुधा जगुः ॥ ३ ॥

ભાવાર્થ—વિશુદ્ધ અનુભવ વિના શાસ્ત્રની સેંકડો યુક્તિવડે પણ પરમાત્મતત્ત્વ સમજી શકાય તેવું નથી. જેનું સ્વરૂપજ શબ્દ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શરહિત હોવાથી અતીંદ્રિય છે, તેનું પ્રતિપાદન અક્ષર-વર્ણ વાક્યમાત્રથી શી રીતે થઇ શકે? એક તો અરૂપી આત્મદ્રવ્ય અને બીજું કાંઇ દ્રષ્ટાંત દઇને તે (આત્મતત્ત્વ) સુખેથી સમજાવી શકાય એવું કંઇ ઉપમાન નજરે પડતું નથી, તેથી અંતે એવાજ નિશ્ચય ઉપર આવવું પડે છે કે આત્મતત્ત્વ-પરમાત્મતત્ત્વ જેવું જવલંત કંઇ બીજું છેજ નહિ. શુદ્ધ આત્મતત્ત્વ પામેલા સર્વ સમાનજ હોય છે અને શુદ્ધ અનુભવજ્ઞાન થયેજ તે તત્ત્વ સંપૂર્ણ સમજી શકાય એમ છે, પણ તેવો શુદ્ધ અનુભવ પ્રગટ્યા વિના પરમાત્મતત્ત્વ યથાર્થ સમજી શકાય તેમ નથી. માટે તેવો શુદ્ધ અનુભવ પ્રગટાવવા સમ્યગ શ્રુતજ્ઞાનના વિષયમાં પૂરતો પ્રયત્ન કરવો યુક્ત છે. ૩.

ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतींद्रियाः ॥
कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात्तेषु निश्चयः ॥ ४ ॥

ભાવાર્થ—જો હેતુવાદે કરી આવા અતીંદ્રિય પદાર્થોનો નિશ્ચય થતો હોત તો તે ક્યારનો કરવા પંડિતો ચૂકત નહિ, પણ તેમ કરવું અશક્ય હોવાથી તેઓ કરી શક્યા નથી. તર્ક, અનુમાન કે યુક્તિ વિગેરેથી આત્માદિ અરૂપી-દ્રવ્યનો નિશ્ચય થઇ શક્યો હોત તો તે સંબંધી કોઇ જાતનો વિવાદ રહેતજ નહિ, પણ તેમ થઇ શકેજ નહિ. તેમ કરવાને અનુભવજ્ઞાનની ખાસ જરૂર છે. સ્વાનુભવી પુરૂષો પણ પરમાત્મતત્ત્વને યથાર્થ જાણતાં છતાં પોતેજ જાણીને વિરમે છે. તે પદાર્થ અતીંદ્રિય (ઇંદ્રિયને અગોચર) હોવાથી સ્વાનુભવ વિના શ્રોતાના ગ્રાહ્યમાં યથાર્થ આવતો નથી-આવી શકતો નથી. અનુભવ થયે છતે તો તે સહેજે યથાર્થપણે ઓળખી-લખી શકાય છે. ૪

केषां न कल्पनादर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ॥
विरलास्तद्रसास्वाद-विदोऽनुभवजिह्वया ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવાર્થ—કોણ કોણ પંડિતોની કલ્પના-કડછી, શાસ્ત્ર-ક્ષીરમાં ફરી નથી છતાં તેઓ અનુભવ-જીભ વિના તેનો સ્વાદ મેળવી શકયા નથી. અનુભવજ્ઞાન પ્રગટ થયેજ સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રનો યથાર્થ સ્વાદ ચાખી શકાય છે. આ વાતને સ્વાનુભવી મહાશયોજ સમજી શકે છે. ૫

पश्यतु ब्रह्मनिर्द्वंद्वं, निर्द्वंद्वाऽनुभवं विना ॥
कथं लीपीमयी दृष्टि-र्वाङ्मयी वा मनोमयी ॥ ६ ॥

ભાવાર્થ—અદ્વિતીય અનુભવ જાગ્યા વિના લિપીવાળી, વાણીવાળી, અને મનવાળી રૂપી દૃષ્ટિથી અરૂપી-અતીંદ્રિય અદ્વિતીય અનુપમ પરમાત્મ તત્ત્વને કેમ જાણી-જોઈ શકાય ! જ્યારે અપૂર્વ સામ્ય[1]-સેવન કરવાથી અનુપમ અનુભવ જાગશે ત્યારેજ અતીંદ્રિય એવા આત્મતત્ત્વનું યથાર્થ ભાન થશે. તે વિના કેવલ અક્ષરમય લીપી, વાણી કે મનવાળી રૂપીદૃષ્ટિથી અરૂપી એવા શુદ્ધ આત્મતત્ત્વનુ યથાર્થ ભાન થઈ શકવાનું નથી. કાર્યાર્થીએ કાર્યાનુકૂલ કારણોનું સેવન કરવુંજ જોઈએ, તે વિના ઇષ્ટ કાર્યની સિદ્ધિ થતીજ નથી. માટે શુદ્ધ આત્મતત્ત્વના અર્થી જનોએ નિર્દ્વંદ્વ (સર્વ ક્લેશ-ઉપાધિ રહિત-શુદ્ધ) આત્મ-અનુભવ માટે તદનુકૂળ પ્રયત્ન કરવો. ૬

न सुषुप्तिरमोहत्वा-न्नाऽपि च स्वापजागरौ ॥
कल्पनाशिल्पविश्रान्ति-स्तुर्यैवानुभवो दशा ॥ ७ ॥

ભાવાર્થ—સુષુપ્તિ, શયન, જાગર અને ઉજાગર એ ચાર દશાઓ શાસ્ત્રમાં વર્ણવી છે. તેમાં પ્રબળ મોહના ઉદયવાળી પ્રથમ દશા તથા વિવિધ કલ્પનાવાળી (સવિકલ્પક) શયન અને જાગર દશા પણ આ અનુભવજ્ઞાનમાં ઘટી શકે નહિ તેમાં તો સમસ્ત વિકલ્પની શાન્તિ-વિશ્રાન્તિ-નિવૃત્તિરૂપ (**નિર્વિકલ્પ**) ચોથી **ઉજાગર** દશાજ હોવી ઘટે છે. ૭.

अधिगत्याखिलं शब्द-ब्रह्म शास्त्रदृशा मुनिः
स्वसंवेद्यं परंब्रह्मा-नुभवेनाधिगच्छति ॥ ८ ॥

ભાવાર્થ—શાસ્ત્રદૃષ્ટિથી સમસ્ત શબ્દસ્વરૂપને સમ્યગ્ પ્રકારે પામીને મુનિ (મુમુક્ષુ) અનુભવગમ્ય શુદ્ધ આત્મસ્વરૂપને અનુભવજ્ઞાનવડે પામે છે. એટલે કે સમ્યગ્ શ્રુતજ્ઞાનના બળ-અભ્યાસથી પરિણામે અનુભવજ્ઞાન પામીને મુનિ-મહાત્મા શુદ્ધ આત્મ સ્વરૂપને જાણે-જોવે છે. ૮. ઇતિશમ્.

વિવેચન—આ અષ્ટક બહુ ગંભીર ભાવવાળું છે. અનુભવજ્ઞાનના અધિકારી સમકિતદૃષ્ટિ જીવો છે. અનુભવજ્ઞાન શ્રુતજ્ઞાનના પૂર્ણ અભ્યાસીને તેના કાર્ય

---

1 સમતા (Equality).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપે થાય છે અને તે કેવળજ્ઞાનરૂપ સૂર્યને અંગે અરૂણોદય જેવું છે. આ સંબંધમાં ભાવાર્થના લેખક મુનિરાજે સારૂં અજવાળું પાડેલું હોવાથી અહીં વધારે લખવાની આવશ્યકતા રહેતી નથી તોપણ યથાગતિ કાંઇક વિશેષ સ્પષ્ટતા કરીછે.

પંડિત પુરૂષો દિવસ ને રાત્રીના મધ્યમાં જેમ સંધ્યા હોય છે તેમ કેવળજ્ઞાન ને શ્રુતજ્ઞાનના મધ્યમાં અનુભવજ્ઞાનની સ્થિતિ બતાવે છે. સર્વ શાસ્ત્રોના અભ્યાસથી તો માત્ર મોક્ષમાર્ગનું દિગ્દર્શન થાય છે. બાકી ભવસમુદ્રનો પાર પામવા માટે તો અનુભવજ્ઞાનનીજ ખાસ જરૂર છે. અતીંદ્રિય એટલે ઇંદ્રિયોના વિષયમાં ન આવી શકે તેવું પરબ્રહ્મનું સ્વરૂપ-અર્થાત્ પરબ્રહ્મ તેને વિશુદ્ધ અનુભવ વિના બીજા કોઈ પ્રકારે જાણી શકાય તેમ નથી; શાસ્ત્રોની સેંકડો યુક્તિ તેમાં કામ આવતી નથી. તેમાં તો મનોગત સાક્ષીની જેમ વિશુદ્ધ આત્માજ વિશુદ્ધ પરબ્રહ્મને જોઇ શકે છે. તેના મધ્યમાં કરણ તરીકે અનુભવજ્ઞાન કામ કરે છે. ત્યાં બીજું સામાન્ય જ્ઞાન કામ કરી શકતું નથી. તેથી અનુભવજ્ઞાન મેળવવા માટે સતત્ પ્રયત્નની જરૂર છે. જો હેતુયુક્તિવડે અતીંદ્રિય પદાર્થો જાણી શકાતા હોત તો પ્રાજ્ઞ પુરૂષો તે જાણવાનો પ્રયત્ન કરવા ચૂકત નહીં; પરંતુ એમાં હેતુવાદ ચાલી શકતો નથી, એમાં તો અનુભવજ્ઞાનનીજ જરૂર છે. એ અનુભવજ્ઞાન શ્રુતજ્ઞાન જ્યારે ઠરે છે-સ્થિરભાવ પામે છે-આત્મા શાંત વૃત્તિમાં આવે છે ત્યારે ઉત્પન્ન થાય છે. અને ત્યારેજ અતીંદ્રિય પદાર્થોનું સત્ય સ્વરૂપ સહજે સમજી શકાય છે. તે સિવાય કલ્પનાઓ તો એને માટે ઘણા શુકપાઠી પંડિતો કરી ચૂકયા પણ ક્ષીરાન્નમાં ફરતો ચાટુવો જેમ તેના રસનો આસ્વાદ જાણી શકતો નથી તેમ અનુભવજ્ઞાન વિના તેઓ તેને જાણી શકયા નહીં. કેમકે તેનો આસ્વાદ તો અનુભવરૂપ જીભવડેજ લઈ શકાય તેમ છે. નિર્દ્વંદ્વપણાના અનુભવ વિના નિર્દ્વંદ્વ બ્રહ્મનો અનુભવ થઈ શકતો નથી. તે વાણીમય, લીપીમય કે મનોમય લીપી એટલે અક્ષરરચના, તેનો વિષય થઇ શકતો નથી. તે તો આત્માના અનુભવનો વિષયજ થઈ શકે તેમ છે. પ્રાણીઓની ચાર દશાઓ પૈકી ચોથી ઉજાગર દશામાં એટલે જ્યાં કલ્પના માત્રની શાંતિ થયેલી હોય છે તેમાંજ અનુભવની પ્રાપ્તિ થાય છે. અનુભવ યોગ્ય દશા તેજ છે. બાકીની ત્રણ દશાઓ (સુષુપ્તિ, સ્વાપ ને જાગર) નો તો સંસારી જીવ માત્ર અનુભવ કર્યા કરે છે; પરંતુ તેથી કાંઇ કાર્યસિદ્ધિ થતી નથી. એતો મોહનીયકર્મજન્ય દશાઓ છે, મોહનો વિલાસ છે, સંસાર પરિભ્રમણનો હેતુ છે અને આત્માને અહિતકર છે; છેલ્લી એક દશાજ આત્માને હિતકર છે, પરંતુ તે મેળવવા માટે પ્રથમ પ્રયાસ ઘણો કરવો જોઇએ. તેને માટે યોગ્યતા મેળવવી જોઇએ; તે દશા કાંઈ એકાએક પ્રાપ્ત થઇ શકે તેવી નથી. યોગી પુરૂષોનેજ તે દશા પ્રાપ્ત થાય છે. સંસારમાં વાસ કરીને રહેલા વિકારી પ્રાણીઓનો એમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અવકાશજ નથી. એને એની ગંધ પણ આવે તેમ નથી. તેથી તે દશાને પ્રાપ્ત કરવા માટે સંસાર તજવાનીજ ખાસ અપેક્ષા છે. સંસારથી ન્યારા થયેલા-જેમના હૃદયમાંથી સંસારની વાસના માત્ર ઉડી ગયેલી છે એવા મહામુનિઓ શાસ્ત્ર દૃષ્ટિવડે એટલે શ્રુતજ્ઞાનવડે પ્રથમ સકળ શબ્દબ્રહ્મને જાણીને પછી સ્વસંવેદ્ય એવા પરબ્રહ્મનો અનુભવ કરે છે. આ સ્થિતિ અત્યંત દુર્ઘટ છે, મોંઘી છે, મુશ્કેલ છે, સહેજે પ્રાપ્ત થાય તેવી નથી; પરંતુ જેને તે પ્રાપ્ત કરવા દૃઢ અભિલાષા છે-જીજ્ઞાસા છે, તેણે પ્રથમ સંસારથી ન્યારા થઇ, વિષય કષાયનો યથાશક્તિ જય કરી, શ્રુત જ્ઞાનના બળને વધારી, સમભાવમાં સંપ્રયુક્ત થઇ પછી અનુભવજ્ઞાન મેળવવા તત્પર થવું એટલે તે સહેજે પ્રાપ્ત થશે. એને માટે પ્રથમ જ્ઞાન ક્રિયા બંનેની અપેક્ષા છે, પછી માત્ર જ્ઞાનની એકલાનીજ અપેક્ષા છે. આ સ્થિતિનું વર્ણન ગમે તેટલું કરીએ પણ તે શબ્દગોચર પૂર્ણપણે થઈ શકે તેમ નથી. તે તો આત્માના અનુભવનોજ વિષય છે. એવું અમૂલ્ય અનુભવજ્ઞાન મેળવવા દરેક સમકિત દૃષ્ટિ જીવોએ પ્રયાસ કરવો, કારણકે એ પ્રયાસનું પરિણામ જો લાભમાં આવે તો પછી અપ્રતિપાતી જ્ઞાન-કેવળજ્ઞાનની પ્રાપ્તિ બહુ નજીક થઇ જાય છે. અને આત્મા અલ્પ કાળમાં અજરામર દશાને પ્રાપ્ત કરે છે.

આ વિવેચન બહુ સંકુચિત લખાયેલ છે, તેનું કારણ પણ અનુભવજ્ઞાનનો અનુભવ નહીં તેજ છે. તોપણ કાંઇક શબ્દાર્થ વિગેરે મેળવવામાં ઉપયોગી થશે એમ જાણી પ્રયાસ કર્યો છે. **તંત્રી.**

सत्य अने शोधक ए बे जैन बाळकोनो संवाद.

સત્ય—શોધક ભાઈ! આપણે અને બીજાં બાળકો જે જૈનશાળામાં ભણીએ છીએ તેમાં તથા દરેકે દરેક જૈનશાળાઓમાં આજકાલ જે કેવળ ગોખણીયું કામ વધુ પડતું ચાલે છે તે કમી કરીને જો તેના અર્થની સમજ સાથે ચલાવવામાં આવે અને તે સાથે વળી સારાં સારાં જરૂરી પ્રશ્નો પૂછી તેનો વ્યાજબી ઉત્તર સમજાવવામાં આવે તો આપણી બુદ્ધિ કેવી ખીલવા માંડે વારૂ?

શોધક—ભાઇ સત્ય! ત્હારૂં કહેવું યથાર્થ જણાય છે. કેમકે આપણે હરહમેશ જૈનશાળાએ જઈએ છીએ તેમ છતાં જો કોઈ આપણને આપણા દેવ ગુરૂ અને ધર્મના સંબંધમાં જરૂરી પ્રશ્નો પૂછે તો તેનો ઉત્તર દેતાં અચકાવું પડે છે, અને ઉત્તર બરાબર દેતાં ન આવડે ત્યારે ખરેખર શરમાવું પણ પડે છે.

સત્ય—ઉત્તર દેતાં ન આવડે ત્યારે શરમાવું તો પડેજ ને!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શોધક—એ ખરૂં, પણ આપણને ઉત્તર દેતાં અચકામણ ન આવે એવો બોધ જૈનશાળામાંથી કાં ન મળે ?

સત્ય—જૈનશાળાની દેખરેખ રાખનારાઓને, સ્થાપનારાઓને, માબાપોને અને માસ્તરોને એવી ઉંડી કાળજી હોય તો એવો ઉત્તમ બોધ મળવો મુશ્કેલ ન પડે એમ હું માનું છું.

શોધક—ઠીક ! તોપછી આપણે તેમને તેવી અરજ કરશું અને વખતોવખત સારો બોધ મેળવવા કોશીશ કરશું.

સત્ય—પણ ' સારાં કામમાં સો વિઘ્ન ' તેથી ચાલો ! આપણે તરતજ આપણા ઉપરીઓને તે વિષે અરજ કરીએ. આપણી ખરી અરજ તેઓ હૈયે ધરશે અને આપણ સહુને બહુ સારો લાભ મળશે.

આ પ્રમાણે નિશ્ચય કરી સત્ય અને શોધક બંને જણાએ મળી બહુ જ નમ્રતાપૂર્વક પોતાના ઉપરીઓને અરજ ગુજારી, તેથી ઉપરીઓએ પણ તે બંને બાળકોની ભારે ઉત્કંઠા જોઇને તરત તે અરજ સ્વીકારી. પછી હરહમેશાં જૈનશાળામાં અભ્યાસ સાથે પ્રસંગે પ્રસંગે બાળકો તરફથી સારાં સારાં ઉપયોગી પ્રશ્નો માસ્તરને પૂછવામાં આવતા હતા અને માસ્તર પણ તેનું સમાધાન કરતા હતા. **મુ. ક. વિ.**

जैन मार्गदर्शक सादा प्रश्नो अने तेना उत्तर.

૧ પ્ર૦—આપણે શા કારણથી ' જૈન, કહેવાઇએ છીએ ?

ઉ૦—આપણે જિનેશ્વર દેવની સેવા કરનારા છીએ તેથી.

૨ પ્ર૦—જિનેશ્વર દેવ કોને કહીએ ? તેમની સેવા શામાટે કરવી ?

ઉ૦—સકળ જિનોના જે નાયક છે, અનંત જ્ઞાન, અનંત શક્તિ પ્રમુખ અનંત ગુણોના દરીઆ છે અને અનેક ઉત્તમ લક્ષણોથી ભરેલા છે તેથી તે સદાય સેવવા યોગ્ય છે.

૩ પ્ર૦—જિન કોને કહીએ ? અથવા શાથી જિન કહેવાય ?

ઉ૦—રાગ દ્વેષ અને મોહ વિગેરે તમામ દોષોને સંપૂર્ણ રીતે જીતીને તે દોષોને હણી નાંખે તેને જિન કહીએ. તમામ દોષો દૂર કરી દેવાથી અને સંપૂર્ણ જ્ઞાનાદિક ગુણો પ્રાપ્ત થવાથી તે જિન કહેવાય છે. જિનેશ્વર દેવની આજ્ઞા અખંડ રીતે પાળવાથી એવા જિન થઇ શકાય છે. જિન થવું કંઇ સુલભ નથી.

૪ પ્ર૦—આપણે શ્રાવક શાથી કહેવાઇએ છીએ ?

ઉ૦—જિનેશ્વર દેવની આજ્ઞા પ્રમાણે નિર્મળ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર—ક્રિયાવડે મોક્ષમાર્ગનું સાધન કરનારા સુસાધુ—આચાર્ય, ઉપાધ્યાય કે મુનિજનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાસે ધર્મશાસ્ત્રનું વિનય-વિવેકસહિત શ્રવણ કરી, શુદ્ધ દેવગુરૂ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી, યથાશક્તિ વ્રતપચ્ચખાણ કરીએ તેથી.

૫ પ્ર૦–શ્રાવકમાં સામાન્ય રીતે કેવા ગુણ હોવા જોઇએ ?

ઉ૦–માર્ગાનુસારીપણાના ૩૫ ગુણો તો તેમાં અવશ્ય હોવા જોઇએ.

૬ પ્ર૦–માર્ગાનુસારીપણાના થોડાક ગુણો વર્ણવી દેખાડશો ?

ઉ૦–૧ ન્યાય નીતિથી કમાણી કરી તેવડે આજીવિકા ચલાવવી.

૨ સદાચારી થવું પણ કદાપિ લોક વિરૂદ્ધ દુષ્ટ વ્યસનાદિક ઉન્માર્ગે જવું નહિ. ખાન પાન સંબંધી પણ યોગ્ય વિવેક સાચવવો.

૩ સરખા આચાર વિચારવાળા–એકમતવાળા સંગાથે વિવાહ જોડવો, જેથી શાન્તિપૂર્વક ધર્મ કાર્ય કરતાં ખલેલ ન આવે.

૪ સર્વ પ્રકારનાં પાપ આચરણથી ડરતાં રહેવું.

૫ દેશાચાર પ્રમુખ લક્ષમાં રાખી નિન્દાપાત્ર ન થવાય તેમ ડહાપણથી વર્તવું.

૬ રાજા પ્રમુખ અધિકારીના તેમજ પૂજ્ય વડીલ પ્રમુખ કોઈના પણ અવર્ણવાદ કદાપિ બોલવા નહિ, તથા કાન દઇ સાંભળવા પણ નહિ. કેમકે તેથી ભારે અનર્થ યા દોષ પેદા થાય છે.

૭ સારા પાડોશવાળા યોગ્ય મુકામમાં સુઘડતાથી રહેવું.

૮ સદ્ગુણી સંત–સાધુ–મહાત્માનો યા સુશ્રાવકનો સત્સંગ કરવો.

૯ માત પિતાદિક વડીલોની આજ્ઞા માથે ધારવી પણ લોપવી નહિ.

૧૦ ઉપદ્રવવાળા સ્થાનમાં ન જવું, જેથી ધર્મની અને ધનની હાનિ થાય.

૧૧ પોતાની ગુંજાશ (આવક) ના પ્રમાણમાંજ ખર્ચ કરવો.

૧૨ પોશાક પણ પોતાની સ્થિતિના પ્રમાણમાંજ રાખવો.

૧૩ બુદ્ધિના આઠ ગુણો ધારી તત્ત્વબોધ મેળવી સદ્ગુણી થવું.

૧૪ બરાબર ક્ષુધા–ખાવાની રૂચિ જાગ્યા વગર ખાવું નહિ.

૧૫ નિયમિત વખતે ક્ષુધાના પ્રમાણમાંજ ભોજન પચે તેવું કરવું.

૧૬ ધર્મને સાચવી અર્થ ઉપાર્જન કરવું તેમજ અર્થને હાનિ ન પહોંચે તેમ મર્યાદાસર કામસેવન. એ રીતે ધર્મ, અર્થ અને કામને સાધવાં.

૧૭ ભોજન સમયે સંત–સાધુ–અતિથિ અને માતપિતાદિકની અવશ્ય સંભાળ લેવી. તે પછી ભોજન કરવું.

૧૮ ગુણ–ગુણીનોજ પક્ષ કરવો એટલે તેમનામાંજ દ્રઢ રાગ ધરવો.

૧૯ દેશ કાળ ભાવ વિચારી, નિજ શક્તિ–બળ તપાસી ઉચિત કાર્ય કરવું.

૨૦ ધર્મચુસ્ત સજ્જનોની બહુમાનપૂર્વક સેવાભક્તિ કરવી. (સ્વશ્રેય માટે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૧ ઉચિત રીતે નિજ કુટુંબ પોષણ કરતાં રહેવું. દીન દુઃખીને પણ યથાશક્તિ સહાય આપવા ચૂકવું નહિ.

૨૨ લાભાલાભ સંબંધી યોગ્ય વિચાર કરી કાર્યારંભ કરવો. એકાએક સહસાત્કાર ન કરવો. વિચારી પગલું ભરનાર સુખી થાય છે.

૨૩ એ ઉપરાંત લજ્જાવંત થવું, વિનયવંત થવું, દયાવાન્ થવું, સમતાવંત થવું, વિચક્ષણ થવું, લોકપ્રિય થવું, કૃતજ્ઞ થવું, ઇન્દ્રિયજિત થવું અને કામક્રોધાદિ ષડ રિપુના વિજેતા થવું એ આદિ સમસ્ત ગુણે સેવવા–આદરવા યોગ્ય છે.

૭ **પ્ર૦**–માર્ગાનુસારીપણાના ગુણવગરના શ્રાવક ન કહેવાય ?

ઉ૦–તેવા ગુણવગર તો નામમાત્ર શ્રાવક ભલે કહો પણ પરમાર્થરૂપે શ્રાવક તો એ અને અક્ષુદ્રતા–ગંભીરતાદિક ઉત્તમ ગુણોવડેજ કહેવાય.

૮ **પ્ર૦**–વળી અક્ષુદ્રાદિક કયા કયા ગુણો આદરવા જોઇએ ?

ઉ૦–૧ પરાયાં છિદ્ર–દોષ જોવાની ટેવ પડી હોય તે ટાળીને ગુણગ્રાહક દ્રષ્ટિ ધારવી–આદરવી, ગંભીરતા રાખતા રહેવું.

૨ માયા–કપટ કે શઠતા તજી સરલ સ્વભાવી થવું.

૩ સુદાક્ષિણ્યતાવંત થવું–પ્રેરણાયોગે પરહિત કરવા તૈયાર થવું.

૪ નિષ્પક્ષપાતીપણે જ્યાં સત્ય હોય ત્યાંજ પ્રીતિ ધરવી.

૫ પ્રાણાંતે પણ અસત્ય–ધર્મવિરૂદ્ધ ભાષણ નજ કરવું, તેમજ પારકી કુથલી નહિ કરતાં કંઇપણ હિતકારી ધર્મચર્ચા કરવી.

૬ કુટુંબ પણ ધર્મરૂચિવાળું હોય, જેથી ધર્મમાં સહાયભૂત થાય.

૭ સ્વતઃ પરોપકાર કરવા પ્રેમ પ્રગટે અને પરોપકાર સાધે.

૮ આદરે તે કાર્ય કુશળતાથી પાર મૂકે એવી કાર્યદક્ષતા હોય.

૯ શરીરની આરોગ્યતા અને ઇન્દ્રિય પટુતાદિક સંબંધી સારી રીતે સંભાળ રાખે, એમ સમજીને કે તે બધાં ધર્મસાધનનાં અંગરૂપ છે. એ અને બીજા કેટલાક ગુણો ઉપર વર્ણવ્યા છે તે સાથે હૃદયની કોમળતા પ્રમુખ સદ્‌ગુણોવડે જીવ શ્રાવકધર્મને લાયક બને છે.

૯ **પ્ર૦**–આ બધા ગુણો બહુજ ઉપયોગી હોવાથી બારીકીથી સમજીને અવશ્ય આદર કરવા યોગ્ય છે. તેનું વિશેષ વર્ણન કયાં મળી શકશે ?

ઉ૦–અસરકારક રીતે દાખલા દલીલો સાથે તો **ધર્મરત્ન પ્રકરણ, ધર્મબિન્દુ,** વિગેરે ગ્રંથોના ભાષાંતરોમાં તેનું વિશેષ વર્ણન જોઇ શકાશે. બાકી સામાન્ય રીતે તો જૈન હિતોપદેશ ભાગ ૧–૨–૩, અને શ્રાવકકલ્પતરૂ વિગેરેમાં પણ તેનું વર્ણન જોઇ શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦ પ્ર૦–શ્રાવક શબ્દનો અક્ષરાર્થ કેવો થઈ શકે ?

ઉ૦–શ્ર=શ્રદ્ધાવંત, વ=વિવેકવંત, અને ક=ક્રિયાવંત એવો અર્થ થાય.

૧૧ પ્ર૦–સામાન્યતઃ શી શી કરણીથી શ્રાવકજીવન સાર્થક લેખાય ?

ઉ૦–શ્રી જિનેશ્વર દેવની પૂજા-સેવાથી, શુદ્ધ માર્ગદેશક સદ્‌ગુરૂની સેવા-ભક્તિથી, જીવ દયાથી, શુભ પાત્રને દાન દેવાથી, સદ્‌ગુણ પ્રત્યે પ્રેમ ધારવાથી, અને આગમવચનોને સારી રીતે શ્રવણ મનન કરી સન્માર્ગ ગ્રહણ કરવાથી શ્રાવકજીવન સફળ થાય છે.

૧૨ પ્ર૦– વિશેષતઃ શ્રાવકનો કર્તવ્ય ધર્મ કેવા પ્રકારનો છે ?

ઉ૦–હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહનો સર્વથા ત્યાગ થઇ ન શકે ત્યાં સુધી તેનો અમુક પ્રમાણમાં ઉંચું લક્ષ રાખી અવશ્ય ત્યાગ કરવા રૂપ પાંચ અણુવ્રત ધારવાં, તેમજ તેને ગુણકારી થાય એવાં ત્રણ ગુણવ્રત (દિગ્‌વિરમણ–દિશા પ્રમાણ, ભોગોપભોગ પ્રમાણ, અને અનર્થ દંડ વિરમણ) ઉપરાંત ચાર શિક્ષાવ્રતો–સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ પણ અવશ્ય આદરવા યોગ્ય છે. આ શ્રાવક યોગ્ય દ્વાદશ વ્રત અને તેનેજ લગતી શ્રાવક યોગ્ય વિશેષ કરણી–૧૧ પડિમાઓ (પ્રતિજ્ઞા વિશેષ) માટે પણ **ધર્મબિંદુ, શ્રાવકપ્રજ્ઞપ્તિ** વિગેરેમાં સારૂં વર્ણન કરાયેલું છે, તેમજ **શ્રાવકકલ્પતરૂ**માં પણ એ સંબંધી કંઈક વિસ્તારથી વર્ણન કરાયેલું જોઇ શકાશે. જીજ્ઞાસુ માટે તે બહુ ઉપયોગી છે.

૧૩ પ્ર૦– શ્રાવક યોગ્ય કર્તવ્યોનું સંક્ષેપથી કયાં વર્ણન કરાયેલું છે ?

ઉ૦–' મનહ જિણાણં આણં ' એ સઝાયમાં તે કર્તવ્યોનું દિગ્‌દર્શન કરાવેલું છે. તેનો કંઈક ભાવાર્થ ' **જૈન હિતબોધમાં** ' સમજાવવામાં આવેલો છે. તેનો વિસ્તારાર્થ તેની ટીકા ઉપરથી સમજી શકાય તેમ છે.

૧૪ પ્ર૦– સુસાધુ જનોનો કર્તવ્ય ધર્મ કેવા પ્રકારનો કહેલો છે ?

ઉ૦–તેમને તો પૂર્વોક્ત હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહનો સર્વથા મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવાનો ત્યાગ અને શુદ્ધ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતાનો સર્વથા સ્વીકાર કરવા રૂપ પાંચ મહાવ્રતોને ધારવાં, પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, ક્રોધાદિક ચારે કષાયોનો જય કરવો, અને મન, વચન તથા કાયાના દંડોથી વિરમવું. એ રીતે ૧૭ પ્રકારનો **સંયમ** આદરીને સાવધાનપણે પાળવારૂપ કર્તવ્ય ધર્મ છે. અને એ ઉપરાંત ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદુતા, સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય રૂપ દશ પ્રકારનો પણ **યતિધર્મ** સારી રીતે સમજીને સુસાધુ જનોએ સેવવા યોગ્ય છે. તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમને યોગ્ય દ્વાદશ 'ભિખ્ખુ પડિમા' પણ આરાધવા યોગ્ય કર્તવ્ય ધર્મ છે.

૧૫ પ્ર૦–આ જિનેશ્વર દેશિત ધર્મરૂપ મહાવૃક્ષનું મૂળ શું છે ?

ઉ૦–વિનય (ગુણ-ગુણી પ્રત્યે નમ્રતા) એજ એનું મૂળ છે.

૧૬ પ્ર૦–વિનયના સામાન્ય ભેદ-પ્રકાર સમજાવશો ?

ઉ૦–૧ વંદન, સુખશાતાદિ પૃચ્છા, યથાયોગ્ય અન્ન પાન વસ્ત્ર પાત્રવડે ભક્તિ.

૨ સદ્‌ગુણી સાધુ પ્રમુખના સદ્‌ગુણો પ્રત્યે હૃદય પ્રેમ–બહુમાન.

૩ તેમનામાં પ્રગટેલા ઉત્તમ ગુણોની સ્વમુખે પ્રશંસા કરવી.

૪ તેમનામાં નજરે આવતાં નજીવા દોષોની ઉપેક્ષા કરવી.

લોક સમક્ષ તેવા નજીવા અવગુણ ઉઘાડા પાડવા નહિ.

૫ કોઇ પણ પ્રકારની અવજ્ઞા-આશાતના થવા ન દેવી.

૧૭ પ્ર૦–દેવ વંદન અને ગુરૂ વંદન કરવા સંબંધી વિધિ-વિવેક સ્પષ્ટપણે કયા કયા સ્થળે બતાવવામાં આવેલ છે.

ઉ૦–દેવવંદન ભાષ્યમાં અને ગુરૂવંદન ભાષ્યમાં તે સંબંધી સ્પષ્ટ ખુલાસો છે. જે ભાષ્યત્રય નામના પુસ્તકમાંથી કંઇક વિવેચન સાથે જોઇ શકાશે. વળી '**જૈન હિતબોધાદિ**' માં પણ પ્રસંગે પ્રસંગે તે વિષય ચર્ચેલો છે, તેમજ **શ્રી શત્રુંજય મહાતીર્થાદિ યાત્રા વિચાર** અને **ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ**માં આ સંબંધી યથાયોગ્ય વર્ણન આપવામાં આવેલું છે અને તે સમજવું સુલભ પડે એવું પણ છે તેથી સહુને તે વાંચવા ભલામણ છે.

૧૮ પ્ર૦–તપ જપ વ્રત નિયમ સંબંધી પચ્ચખ્ખાણ કરવાનો વિધિ–વિવેક સ્ફુટ રીતે કયાં વર્ણવવામાં આવેલ છે ? કે જે લક્ષગત થઇ શકે.

ઉ૦–પૂર્વોક્ત ભાષ્યત્રયમાંજ પચ્ચખ્ખાણ ભાષ્યના અધિકારે તેનું સ્પષ્ટ વર્ણન છે.

૧૯ પ્ર૦–આ સઘળી કરણી વિધિસહિત કરવાનો ઉંડો હેતુ કયો હોવો જોઇએ ?

ઉ૦–રાગ દ્વેષવાળી મન વચન અને કાયાની ચપળતા-દુષ્ટતા નિવારી, ઉત્તમ આલંબન યોગે તેમને નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં નિર્દોષ રીતે સ્થિર કરવા અને અનુક્રમે સર્વથી અગોચર પરમાનંદ પદ–મોક્ષ પ્રાપ્તિ કરવી એજ ઉત્તમ હેતુ છે.

૨૦ પ્ર૦–યોગ અનુષ્ઠાન એટલે શું ? અને તે શું લાભદાયક થઇ શકે ?

ઉ૦–પરમપદ જે મોક્ષ તે સાથે જોડી આપે એવો સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર સંબંધી આચાર તે તમામ યોગ અનુષ્ઠાન કહેવાય. તેથી સાધકને અનેક પ્રકારની સિદ્ધિઓ અને અંતે મોક્ષપ્રાપ્તિ થઇ શકે છે. ઇતિશમ્

સન્મિત્ર કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सार सुखदायक सुभाषित वचनो.

ઉત્તમ પુરૂષોની ઉત્તમ પ્રસાદીની કોણ અવગણના કરે ? "

૧ સુજ્ઞ શુભાશય ! ત્હારા ભલા માટે નિરંતર લક્ષપૂર્વક ત્હારે શિષ્ટ પુરૂષ સેવિત સન્માર્ગનું સેવન આળસ રહિત કરવું.

૨ શિષ્ટ પુરૂષોવડે કવખોડાયેલા પાપ કાર્યનો સદાય પરિહાર કરવો.

૩ વીતરાગ સર્વજ્ઞે ભાખેલાં તત્ત્વ વિષે બરાબર શ્રદ્ધા રાખવી.

૪ અન્ય કપોલકલ્પિત મિથ્યા વચનો ઉપર વિશ્વાસ નહિ રાખવો.

૫ સારાં આલંબન મેળવી નમ્રતાપૂર્વક સત્ય જ્ઞાન સંપાદન કરવું.

૬ ધર્મને દીપાવનાર સદાચારનું પ્રીતિ ધરી સદાય સેવન કરવું.

૭ આડે માર્ગે દોરી જનારી ઇન્દ્રિયોનું સારી રીતે દમન કરવું.

૮ મોહ પમાડનારી સ્ત્રીઓનો સંગ-પ્રસંગ જેમ બને તેમ ઓછો કરવો.

૯ પરિણામે દુઃખદાયી એવાં વિષયસુખની લાલસા જેમ બને તેમ ઘટાડવી.

૧૦ પરમ ઉપકારી જિનેશ્વર દેવની સદાય સેવાભક્તિ આદરથી કરવી.

૧૧ સન્માર્ગદર્શક ગુરૂજનોની પણ તેવીજ રીતે સેવાભક્તિ કરવી.

૧૨ કર્મમળને બાળી નાંખનારી તપસ્યાનું પણ શક્તિ મુજબ સમતાથી સેવન કરવું.

૧૩ સ્વપરને હિતરૂપ થાય એવુંજ સત્ય વચન બોલવું અન્યથા મૌન રહેવું.

૧૪ સોળે દહાડે ધાડ પાડનારા રાગ દ્વેષનો જેમ બને તેમ સમતાવડે જય કરવો.

૧૫ ક્રોધ, માન, માયા, અને લોભને દુઃખદાયક સમજી ક્ષમા, નમ્રતા, સરલતા, અને સંતોષનું સેવન કરી તેવડે તેમને જીતી લેવા.

૧૬ અહિંસા અથવા દયાને શાસ્ત્રનીતિથી સારી રીતે સમજીને સેવવી. સહુ કોઈ જીવોને નિજ સમાન લેખી કોઇ સાથે પ્રતિકૂળતા રાખવી નહિ.

૧૭ ગમે તેવા સંયોગોમાં પણ સત્ય વ્રતને લાંછન લગાડવું નહિ.

૧૮ ગમે તેવી પરાઇ વસ્તુ અનીતિથી લઇ લેવા કદાપિ ઇચ્છવું પણ નહિ.

૧૯ આત્માની ઉન્નતિ કરવાનો અકસીર ઉપાય મન, વચન અને કાયાની પવિત્રતા સાચવી રાખી બ્રહ્મચર્ય પાળવું એ છે.

૨૦ પરિગ્રહ સંબંધી મૂર્છા-મમતા જેમ બને તેમ પરીહરવી-કમી કરવી યુક્ત છે.

૨૧ સંસારનું વિષમ સ્વરૂપ જોઇ વિરક્તપણે નિજ હિત સાધી લેવું.

૨૨ સદ્ગુણોની પ્રાપ્તિ અને પુષ્ટિ માટે સદ્ગુણી જનોનો સંગ કરવો.

૨૩ રાગ દ્વેષ અને મોહથી સર્વથા મુક્ત થયેલાનેજ વીતરાગ માનવા.

For Private And Personal Use Only

૨૪ પાત્રાપાત્રને વિવેકવડે પિછાણી લઈ પાત્ર-સુપાત્રને બહુ પ્રેમથી દાન દેવું.
૨૫ ભવ્ય જનોને ભક્તિ પ્રમુખ આલંબન માટે જ્યાં જિનમંદિર નજ હોય ત્યાં શાસ્ત્રનીતિ મુજબ જયણાપૂર્વક કરાવી આપવામાં લાભ છે; પણ જ્યાં પ્રથમથીજ હોય ત્યાં તો તેનો જીર્ણોદ્ધારજ કરાવવો લાભકારી થાયછે.
૨૬ મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થતા પ્રમુખ ઉત્તમ ભાવનાઓ સદાય ભાવવી.
૨૭ અનેક દૂષણોથી ભરેલું રાત્રીભોજન કરવાની કુટેવ તજી દેવીજ યુક્ત છે.
૨૮ હિતાહિત-લાભાલાભ જેથી સ્પષ્ટ સમજાય એવા વિવેકને જરૂર આદરવો.
૨૯ જેનાથી દુઃખનો વધારોજ થાય એવી ખોટી માયા-મમતાનો ત્યાગ કરવો.
૩૦ આ અગાધ સંસારસાગરનો વ્હેલાસર પાર પામવા પ્રબળ પ્રયત્ન કરવો.
૩૧ ધૈર્ય-ધીરજ-સમતાને સુખદાયી સમજીને તેનું પુનઃ પુનઃ સેવન કરવું.
૩૨ શોકને સર્વ રીતે નુકશાનકારી સમજી તેનો જલ્દી ત્યાગ કરવો.
૩૩ ઈર્ષા-અદેખાઈ, વેર, ઝેર પ્રમુખ દુષ્ટ વૃત્તિ તજી મનને શુદ્ધ-નિર્મળ કરવું.
૩૪ ઉત્તમ ધર્મ સામગ્રી પામીને જરૂર માનવભવની સફળતા કરી લેવી.
૩૫ સમજપૂર્વક અમૂલ્ય વ્રત આદરીને કદાપિ વ્રતભંગ કરવો નહિ.
૩૬ મરણસમયપર્યંત સમાધિ સચવાઈ રહે એવી ખુબ કાળજી રાખવી.
૩૭ આભવ પરભવ સંબંધી અસારસુખ-ભોગની ઈચ્છા તૃષ્ણા રાખવી નહિ.
૩૮ સ્વકર્તવ્ય-ધર્મને સારી રીતે સમજી તેને સાવધાનપણે પાળવા પ્રયત્ન કરવો.
૩૯ નવકાર મહામંત્રને હૈયાના હાર સમાન લેખી તેનું સદાય સ્મરણ કરવું.
૪૦ જન્મમરણની મહા વ્યાધિ સદંતર દૂર કરવા માટે ધર્મ રસાયણનુંજ સેવન કરવું.
૪૧ શુદ્ધ વૈરાગ્ય બળ મેળવી, દેહ લક્ષ્મી પ્રમુખ ક્ષણિક પદાર્થોનો મોહ તજી દેવો.
૪૨ સદા સર્વદા સદ્વિવેકરૂપ આંતર ચક્ષુનો ઉપયોગ કર્યા કરવો.
૪૩ દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મ સંબલ (ભાતું) બને તેટલું સાથે લઈ લેવા ચૂકવું નહિ. ' દવ બળે ત્યારે કૂવો ખોદવો ' કામ આવે નહિ.
૪૪ માનવભવ પ્રમુખ ઉત્તમ ધર્મ સામગ્રી ફરી ફરી મળવી મુશ્કેલ છે એમ સારી રીતે સમજી રાખી શીઘ્ર સ્વહિત કરી લેવા લક્ષ દોરવું.
૪૫ પુરૂષાર્થ સેવનવડે ગમે તેવા કઠીન કાર્યની પણ સિદ્ધિ થઇ શકે છે એવો નિશ્ચય કરી પ્રમાદ માત્ર દૂર કરી પુરૂષાર્થી બનવું. એવડે સકળ કાર્ય-સિદ્ધિ થઇ શકશે. ઈતિશમ્.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भोजन समये साचववाना नियमो.

ધર્મ કરણી નિમિત્તે-ધાર્મિક કાર્યો જે કરવાના હોય-જે ફરજો બજાવવાની હોય-તે સારી રીતે બજાવી શકાય તે માટે શરીરની ખાસ જરૂર છે, અને તે શરીરના રક્ષણ અર્થે-તે સારી રીતે પોષાય, અને ધારેલ કાર્યો તેની મારફત કરાવી શકાય-ઇપ્સીતાર્થની સિદ્ધિ થઈ શકે તેમાટે કેટલાક નિયમો પણ સાચવવાની ખાસ જરૂર છે. દરેક કાર્ય તેના નિયમપ્રમાણે કરીએ તો જેમ સત્વર સંપૂર્ણ કરી શકાય છે, તેમજ નિયમપ્રમાણે વર્તીને-નિયમોને અનુસરીને શરીરને પોષવામાં આવે તો તેની પાસે જે કાર્યો બજાવવાનાં હોય, તે સારી રીતે બજાવી શકાય છે. મનુષ્ય જીવનમાં અનેક કાર્યો કરવાનાં હોય છે, અનેક ફરજો બજાવવાની હોય છે, અને ધાર્મિક કાર્યો પણ બની શકે તેટલાં કરવાનાં હોય છે, તે સર્વ તંદુરસ્ત શરીરથીજ થઇ શકે છે. આજારી મનુષ્ય-અગર નાદુરસ્ત તબીઅતવાળા મનુષ્યો કાંઈ પણ કાર્ય કરી શકતાં નથી, અને ઉલટા સ્વજનોને ભારરૂપ થાય છે, તેથી શરીર સંરક્ષણાર્થે કેટલાક નિયમો સાચવવાની ખાસ જરૂર છે. શરીરનો આધાર ખોરાક ઉપરજ રહેલો છે, તેટલા માટેજ તે ખોરાક કેવી રીતે લેવો, અને કઈ સ્થિતિમાં લેવો તે જાણવાની ખાસ જરૂર છે, અને તે જાણીને તે નિયમાનુસાર વર્તવાથી શરીર સ્થિતિ સારી રહેવા ખાસ સંભવ હોવાથી તે નિયમો અત્રે દર્શાવવામાં આવે છે. અને મનુષ્ય જીવનની સફળતા કરવા ઇચ્છનાર-મનુષ્ય જીવન પ્રાપ્ત કરી થોડું ઘણું પણ લેખે લગાડવા ઈચ્છનાર, પ્રાપ્ત ફરજોને થોડે અંશે પણ બજાવવા ચાહનારને બનતી કોશીષે તે નિયમો અમલમાં મૂકવાનું સુચવવામાં આવે છે.

નિયમ ૧ લો-જ્યારે ખાવાના સમયે-ભોજનના અવસરે રસોડામાં પ્રવેશ કરો ત્યારે પ્રથમથીજ ખુશાલી ધારણ કરો. પહેલાની મુશ્કેલીઓ, દિલગિરી અને માનસિક ધમાધમ જો કાંઈ હોય તો તે રસોડાની બહાર મૂકી શાંત સ્વસ્થ ચિત્તથી-ખુશાલ-આનંદી અંતઃકરણથી રસોડામાં પ્રવેશ કરો. મનમાં આનંદ રાખો, અને આસપાસ પણ આનંદજ ફેલાવજો. જ્યારે રસોડામાં પ્રવેશો એટલે ગુસ્સો, ક્રોધ, ઇર્ષા, કે દિલગિરી સર્વ વિસરી જજો, અને તમારા સર્વ કુટુંબીને પણ આનંદીત ચહેરામાંજ રાખજો. એટલેકે ગૃહમાં કલેશ કે કંકાસ જમવાના વખતે દૂરજ ટાળજો. મનને પ્રફુલ્લિત રાખજો-આનંદમાં રાખજો અને સર્વ કાર્યની વ્યગ્રતા-વ્યાપારની કે બીજા કોઈ પણ કાર્યની વ્યગ્રતા હોય-ચિંતા હોય-તે સર્વને રસોડામાં તમારી સાથે પ્રવેશવા દેશો નહિ. એટલે કે સર્વ ચિંતાને-વ્યગ્રતાને-માનસિક જંજાળને-મનોવ્યાધિને દૂરજ રાખજો. જમવાના સમયે નિર્મળ અંતઃકરણ-શાંત-સ્થીર-સ્વસ્થ ચિત્ત અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આનંદીત ચ્હેરો જરૂર રાખજો, અને જમવાના સમયે એક વેઠનો વારો પતાવવા તરીકે બહુ ઉતાવળથી-જાણે કે કાંઇ કાર્ય બગડી જતું હોય-તેમ બહુ જલ્દીથી કદી ખાતા નહિ. જેવી રીતે કોઇ ઠેકાણે આપણો કાંઇ પણ હક હોય અને તે સ્થીરતાથી પણ હક બજાવીએ, તેમ ખાવા-પીવાનો પણ હકજ છે તેમ સમજી તે કાર્ય સ્વસ્થતાથી બજાવો. વળી જ્યારે રસોડામાં પ્રવેશો, એટલે એક આનંદમય સૃષ્ટિમાંજ તમે વિચરો છો તેમ વિચારો, અને તે સૃષ્ટિમાંથી મુશ્કેલી, મુશીબતો, અટચણો, અગવડો, ઉપાધિઓ, જંજાળો, ખટપટો, કલેશ, કંકાસ, ધમાધમી વિગેરે મનની શાંતિ ભગ્ન કરનારા વિરોધીઓને દેશવટો આપવામાં આવેલો હોવાથી તેને તમારા મનોરાજ્યમાં જરાપણ અવકાશ આપશો નહિ. જેવી રીતે ઉજાણી જમવા જઇએ, ત્યારે શાંતિ અને આનંદ અનુભવીએ છીએ, અને સ્વસ્થ ચિત્તથી સર્વ મંડળ સાથે વાતચીત-આનંદ કરતાં ઉજાણીનો લ્હાવો લઇએ છીએ, તેવીજ રીતે આ રસોડામાં પણ ઉજાણીના આમંત્રણેજ તમે આવ્યા છો તેમ વિચારો, અને તેવાજ આનંદથી-સર્વ મંડળ સાથે કલ્લોલ કરતાં ખાદ્ય પદાર્થોનો ઉપભોગ કરો. આ પ્રમાણે ખાવાના પ્રથમ નિયમમાં શાંત-ઉપાધિ રહીત-ખટપટાદિકને દૂર છંડીને રસોડામાં પ્રવેશવું, અને સ્વસ્થ-આનંદીત ચહેરે કલેશ કંકાસાદિકને તથા અન્ય શત્રુરૂપ ઇર્ષાદિક દુર્ગુણોને દૂર ત્યજીને જમવા બેસવું તે સૌથી પ્રથમ અગત્યનું છે. આ નિયમ દરેક માણસ જો સાચવવા ધારે તો ખાસ જાળવી શકે તેમ છે. નથી તેમાં અન્યની મદદની જરૂર પડતી, કે નથી તેમાં કોઇ કષ્ટ સહન કરવાની જરૂર પડતી. આ સુંદર ટેવથી ગૃહના મનુષ્યો પણ માનસિક શાંતિ-સ્વસ્થતા અનુભવતાં શીખે છે, અને શરીર સુરક્ષણનો મજબુત પાયો અહીં રોપાય છે.

નિયમ ૨ જો-માત્ર જમવા ખાતરજ આ જીવન છે એમ કદી ધારશો નહિ. ઘણા મનુષ્યો તે ટેવથી હેરાન થાય છે. ખાવું તે આ જીવનના સંરક્ષણાર્થે-શરીર ટકાવા અર્થે છે, પણ ખાવા ખાતર જીવવું તે ધારણા ખોટી છે. તેવી ધારણાથી ખાવામાં કાંઇ નિયમ રહેતો નથી, અને તરતજ અજીર્ણની શરૂઆત થાય છે, તેથી જીવન ખાતર ખાવું તેમ ધારો; પણ ખાવા ખાતર જીવવું છે તે વિચારને-ખ્યાલને સદા માટે દૂરજ રાખજો. તમારા જીવનનું સર્વસ્વ કાર્ય ખાવામાંજ સંપૂર્ણ થાય છે તેમ કદી ધારશો નહિ. જે અનેક કાર્યો તમારે ફરજ તરીકે સંપૂર્ણ કરવાના છે તે માટે ખાવાની જરૂર છે, પણ તે મહાન્ કાર્યમાં ખોરાકને-અશનને ગણશો નહિ. અન્ય કાર્યોને મહત્વતા આપજો, પણ તે સાથે ખાવાના કાર્યને તદન ગૌણ પણ ધારશો નહિ. જીવનના ટકાવ માટે ખાવાની જરૂર હોવાથી જેમ આવે તેમ ખાઇને પેટ ભરી દેવું તેમ પણ સમજશો નહિ. તેવી રીતે ઉતાવળથી-તેના તરફ બેદરકારી રાખીને ખાવાથી અને બહુ અકરાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીયા રીતે ખાવાથી અજીર્ણ થાય છે. ખાતી વખતે તો તમારા ખોરાકનો સંપૂર્ણ આનંદ અનુભવતાં તેનો ઉપભોગ લેજો. આવી રીતે શાંતિથી ઉપભોગ લેતાં તે ખોરાક જલદી પચી જશે. પાચન શરીર સંરક્ષણાર્થે જેટલું જરૂરનું છે, તેટલુંજ બલકે તેથી વધારે મન અને આત્માને વિશેષ જરૂરનું છે. શરીર આજારી પડે, અજીર્ણનો અનુભવ કરવો પડે, એટલે સર્વ કાર્યો બંધ પડે છે. જ્યારે પાચન સારૂં હોય ત્યારેજ આ શરીરરૂપી કારખાનાના દરેક સંચા તેને જે જે કાર્યો કરવાનાં હોય તે સંપૂર્ણ રીતે-યોગ્ય રીતે બજાવી શકે છે; અને શરીર તે મન અને આત્માનું હથીયાર હોવાથી તે હથીયાર જ્યારે સારૂં હોય, ત્યારેજ મનમાંથી નવીન કાર્યોની ઉત્પત્તિ અને ચાલુ કાર્યોનો નિભાવ થઇ શકે છે. જો સંગીતની ખરેખર મજા ભોગવવી હોય, આનંદ લેવો હોય, સંગીતની મીઠાશ ચાખવી હોય, તો સંગીતના વાજીત્રના તારને સંપૂર્ણ તાલમાં ગોઠવવા પડે છે. તેવીજ રીતે આ શરીરરૂપ વાજિંત્ર પણ જો બરોબર ગોઠવાએલ હોય, તોજ તેમાંથી ખરો આનંદ, ખરી મીઠાશ, શુદ્ધ-સુંદર વર્તન અનુભવી શકાય છે. શરીરના આરોગ્યનો ખરો આધાર સંપૂર્ણ પાચન ઉપરજ રહેલો છે. શરીરરૂપી વાજિંત્રનો તાલ અજીર્ણ સાથે મળતો નથી પણ સંપૂર્ણ પાચન સાથેજ મળતો હોવાથી પાચનશુદ્ધિ ખાસ જરૂરની છે; તેથીજ ખોરાકનો જીવન ખાતર પણ સંપૂર્ણ આનંદથી ઉપભોગ કરાય, તોજ તેનાથી ધારેલ ફળ મળે છે; સારાંશ કે અતિ અકરાંતીઆ થઇને ખાવું નહિ, તેમ બહુ ઉતાવળ કરીને પણ ખાવું નહિ. પાચન સારૂં થાય તેવી રીતે શાંતિથી પીરસાએલ ખોરાક લેવો, અને આનંદથી-શાંત ચિત્તથી તેને ન્યાય આપવો.

નિયમ ૩ જો-ખોરાકની પસંદગીમાં બહુ ચોકસ થવું નહિ. આ ખોરાકજ મને પચશે, આ મારી તબીઅતને અનુકુળ નહિજ આવે, આ ખાવાથી તો હું હેરાન થઇશ-મારી તબીઅત બગડશે-આવા આવા ખોરાકની પસંદગીમાં બહુ વિચાર કરવા નહિ. ખોરાક માટે એટલી તપાસ કરવાની છે કે તે રાંધેલ પદાર્થો શરીરને પુષ્ટિ આપનારા, આરોગ્ય દેનારા, અને સારી રીતે તૈયાર કરાએલા-પાકેલા છે કે નહિ. તેટલી તપાસ પછી તેને સંપૂર્ણ આનંદથી ન્યાય આપવાનોજ વિચાર રાખવો. દોષ શોધવાના દેખાવથી-દરેક બાબતમાં ભૂલો શોધી કાઢવાના ઇરાદાથી-દરેક વસ્તુ નડશે. 'આ વસ્તુ કેમ ખવાય' તેવા ઈરાદાથી ભોજનગૃહમાં કદી પ્રવેશશો જ નહિ. જ્યાં સુધી આવા ઇરાદાથી તમે ખોરાક લેશો, આ ખોરાક પચશેજ નહિ તેવી ધારણા કરીને તેને આરોગશો, ત્યાં સુધી તે ખોરાક ગમે તેવો પુષ્ટિ આપનાર, તંદુરસ્તી વધારનાર હશે તોપણ તમને પચશેજ નહિ. ચક્રવર્તીની ખીરની માફક તમે તે જીરવી શકશોજ નહિ; અને ઉલટો તે ખોરાક તમને ફાયદાથી-તમારા શરીરને બગાડનારજ નીવડશે. ઘણી વખત અજીર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યોને થાય છે તે ખોરાકથી થતું નથી, પણ માનસિક આવા દોષના ખ્યાલથીજ અજીર્ણ થવાનો સંભવ રહે છે; તેથી તેવા ઈરાદાથી ખોરાક લેવોજ નહિ. જે ખોરાક આપણને અજીર્ણકર્ત્તા નીવડશે તેવો ભય હોય, તે ખોરાકને તમારાથી દૂરજ રાખવો તે વધારે ઉત્તમ છે. ખોરાકને કદીપણ દોષ દેશો નહિ. આ સંષ્ટિમાં જે જે વસ્તુ નીપજે છે, તે તે યોગ્ય અવસરે પ્રમાણમાં લેવાથી ઘણું ખરૂં હાનિકર્ત્તા નીવડતીજ નથી. ભોજનાલયમાં પ્રવેશો તે પહેલાં તમારૂં મન સાચી દિશામાં પ્રવર્તે છે તેની ચોકસ તપાસ રાખજો. ખોરાક સાથે આવા દોષ જ્યાંસુધી મન શોધતું હોય ત્યાંસુધી રસોડાથી દૂર રહેવું, અથવા તે ખોરાક દૂર રાખવો તે ઉત્તમ છે. વળી જ્યારે તમે ખીજાયેલા, ગુસ્સે થયેલા, ભયભીત થયેલા, ગભરાએલા, મુંઝાએલા, અને મનની સ્થિરતા રહિત થએલા હો ત્યારે કદી ખાવાનો વિચાર રાખશો નહિ. ખાવાના સમયે મનની આવી સ્થિતિને દૂર કાઢી મૂકજો. મનને શાંત રાખી–મનને સ્થિર રાખી ખાવાનો આદર કરજો, અને "આ પચશે, આ નહિ પચે, આ ન ખાઉં તો સારૂં, આ તો મારી પ્રકૃતિને પ્રતિકૂળ છે, આનાથી તો મારે હેરાનગતી ભોગવવી પડશે." તેવા ખોટા ખ્યાલી વિચારોને દેશવટો આપી–દૂર રાખીનેજ ખાવાનો વિચાર રાખજો. જે વસ્તુ આરોગ્ય આપનારી, શરીરને પુષ્ટિ કરનારી, તંદુરસ્તી વધારનારી હોય તે દરેક ચીજ તમને પણ તે પ્રમાણેજ ગુણ કરનારી નીવડશે તેવા શુભ ઈરાદાપૂર્વકજ ખોરાક આરોગજો, અને તે સર્વ વસ્તુ તે પ્રમાણેજ તમને પચશે, અને લાભદાયી નીવડશે.

નિયમ ૪ થો–જ્યારે ભોજનાલયમાં પ્રવેશ કરો, ત્યારે કદીપણ ઉતાવળ કરશો નહિ. ધીરજથી–શાંતિથી તે કાર્ય કરજો. તેમાં પસાર કરેલો વખત નકામો ગુમાવી દીધો તેમ કદિ ધારશો નહિ. બહુ ઉતાવળથી ખાધેલ ખોરાક પચતો નથી, પણ કેટલીક વખત ઉલટો તેવી રીતે જમવાથી તે ખોરાક શરીરને હાનિકર્ત્તા થઈ પડે છે. ઉતાવળથી આરોગેલ અન્ન જલદી પચતું પણ નથી, અને કદાચ તેમાંથી અજીર્ણ નીપજવાનો પણ સંભવ રહે છે, તેથી ખોરાકથી જે પુષ્ટિ શરીરને મળવી જોઇએ તે મળતી નથી, એટલે કે ખોરાકથી જે કાર્યસિદ્ધિ કરવા ધારતા હોઇએ તે બનતી નથી. ઉલટું ઉતાવળે ખાવાથી કોઈ કોઈ રોગોની નિષ્પત્તિ થવાનો સંભવ રહે છે, જેથી ઉલટો વખતનો, ધનનો, અને આનંદનો નાશ થાય છે અને ઇપ્સીતાર્થની સિદ્ધિ થતી નથી. જ્યારે પાચનશક્તિ સારી હોય, લીધેલ ખોરાક બરોબર હજમ થતો હોય, ત્યારે જે કાર્ય એક કલાકમાં કરી શકાય છે, તેટલુંજ કાર્ય અજીર્ણવાળા શરીરે, ખોરાક પચ્યો ન હોય ત્યારે ત્રણ કલાકે પણ કરી શકાતું નથી. તેથીજ ખોરાક માટે જોઇતો યોગ્ય ટાઇમ નિયત કરવો ખાસ જરૂરનો છે. તેવી રીતે નિયત કરેલો ટાઇમ શરીરના આરોગ્ય અર્થે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્ય કાર્ય સત્વર સંપૂર્ણ કરી શકાય તદર્થે નકામો ગુમાવેલો નહિજ ગણાય. આ ટાઈમ વર્તમાનના ચાલુ કાર્યો માટે અને ભવિષ્યમાં જે યોજનાઓ ઘડી હોય તેને સંપૂર્ણ કરવા માટે યોગ્ય રીતે પસાર કરેલોજ ગણાશે. તમારા ખાણાને સંપૂર્ણ રીતે શાંતિથી ન્યાય આપવાને જરૂર હોય તેટલો ટાઇમ તેમાં પસાર કરો, અને તે વખત દરમીઆન-લગભગ ત્રીશ મીનીટ સુધી તમારા મનને નિશ્ચિંત, ઉપાધિ રહિત, જંજાળોથી મુક્ત રાખો. તમારા શરીરને પોષવું-તેને આરોગ્ય-તંદુરસ્ત રાખવું તે તમારી ફરજ અને હક છે. હક તરીકે જો તંદુરસ્ત શરીર રાખવા ચાહતા હો, અને ફરજ તરીકે તે શરીરના આરોગ્યનું કાર્ય બજાવવા માગતા હો, તો શરીરને માટે જરૂરી ખોરાક માટેનો આટલો ટાઈમ જરૂર નિયત કરજો. જો તમારા શરીરની સાથે તમે સારૂં વર્તન ચલાવશો, તે આરોગ્ય રહે તેવી રીતે તમે વર્તશો, તો તે તમને લાંબો વખત સુધી અને ચોકસપણે કાર્ય આપશે. ધારેલ કાર્યની સિદ્ધિ અવશ્ય થઇ શકશે. અને તમને બહુ આનંદ રહેશે. આ સૃષ્ટિના આનંદો પણ લાંબા વખત સુધી ભોગવી શકાશે, માટે ખાસ ખોરાક માટે વખતનો નિયમ કરશો, અને ખાવા વખતે કદી પણ ઉતાવળ કરશો નહિ, અને મનને નિશ્ચિંત-સ્વસ્થ રાખજો.

નિયમ ૫ મો-ખોરાક વહેલો પાચન થાય તે માટે આ નિયમ ખાસ ધ્યાનમાં રાખવાનો છે. ખોરાકની શરૂઆત થાય ત્યારથીજ જ્યાંસુધી તે ખોરાકનો-અન્નનો સ્વાદ આવે-જીવ્હા ઇંદ્રિ તેમાંથી રસ ગ્રહણ કરે ત્યાંસુધી તે ખોરાક ખુબ ચાવો અને ત્યાર પછીજ મુખમાંના ગ્રાસને ગળેથી નીચે ઉતરવા દો. જેમ ખોરાક વધારે ચવાશે. મોઢાના અમૃત સાથે જેમ તે વધારે ભેળાશે, તેમ સહેલાઈથી તેનું પાચન થશે. તેથી ખોરાકને જેમ બને તેમ વધારે ચાવવાની ખાસ જરૂર છે. તમારી પાચનશક્તિ ગમે તેવી નબળી હોય, તોપણ આ રીતથી ગમે તે ખોરાક લેવાથી-અનાજને સંપૂર્ણ રીતે ચાવીને હોજરીમાં તેને માર્ગ આપવાથી તે ખોરાક અવશ્ય પચશેજ તે નિશ્ચયથી માનજો, અને તેવી રીતે ચાવીને ખોરાક ખાવાથી તમારી પાચનશક્તિ વધારે મજબુત બનશે, છેવટે પાચનશક્તિની નબળાઈ દૂર થઈ જશે, અને પૂર્ણ વીર્યવાન્-શક્તિવાન્ તમે થશો, તેમજ સુદ્રઢ શરીર પ્રાપ્ત કરવા ભાગ્યશાળી નીવડશો. તેવી રીતે ખોરાક ચાવીને ખાવાથી પાચનશક્તિની નબળાઈ તથા તેના કોઈ પણ વ્યાધિ સદંતર દૂર થશેજ. અને તમે આરોગ્યવાન્, તંદુરસ્ત બનશો. વળી બહુ ઉતાવળથી ચાવ્યા વગર ઝપાટાબંધ ખાવાથી તે ખોરાક જે પુષ્ટિ, જે શક્તિ આપશે તેના કરતાં ઘણી વધારે પુષ્ટિ અને શક્તિ આવી રીતે ચાવીને ખોરાક ખાવાથી તમને પ્રાપ્ત થશે. આવો લાભ તેમાંથી થતો હોવાથી તે નિયમને અનુસરવું તે સુજ્ઞનું કર્તવ્યજ છે. વળી જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીરને વધારે પુષ્ટિ મળશે, તેનામાં વધારે શક્તિ રહેશે, એટલે તમારી તંદુરસ્તી પણ સારી રહેશે, તમે વધારે મજબુત થશો, માનસિક અને શારીરિક બંને સ્થિતિમાં તમે સુદ્રઢ બનશો, તમે લાંબું આયુષ્ય ભોગવી શકશો અને તે દરમીઆન પ્રાપ્ત કાર્યોને–તમારી ફરજોને ઘણા લાંબા વખત સુધી બજાવવા તમે શક્તિવાન્ નીવડશો, માટે જો તેવી ઇચ્છા હોય, સુઆરોગ્ય અને તદ્દ્વારા જીવનપર્યંત કાર્ય કરવાની શક્તિ ચાલુ રહે તેવી ઇચ્છા હોય તો આ નિયમ–અનાજ ચાવીને ખાવાની ટેવ–જરૂર પાડશો.

નિયમ ૬ ઠ્ઠો–પાચનશક્તિને સારૂં લોહીનું ફરવું તે ભાગમાં જેમ બને તેમ વધારે થાય તે ખાસ અગત્યની બાબત છે. લોહી તે ભાગમાં જેમ વધારે ફરે, તેમ પાચનશક્તિ સારી રીતે સુધરે છે, એટલુંજ નહિ પણ ખાધેલા ખોરાકમાંથી જે પુષ્ટિકારક તત્ત્વો નીકળે તેને શરીરમાં સારી રીતે સર્વત્ર ફેલાવવામાં લોહી ખાસ સાધનભૂત નીવડે છે. પુષ્ટિકારક તત્ત્વો લોહી મારફતજ આખા શરીરમાં પ્રસરે છે, તેથી જેમ લોહી હોજરીના ભાગમાં વધારે ફરે તેમ વધારે શરીરને ફાયદો થાય છે. આવી રીતે લોહી તે ભાગમાં વધારે ફરે તેના બે ઉપાય છે. એક તો શ્વાસોશ્વાસની ક્રિયા જે બહુ ઉતાવળી અને અપૂર્ણ કરવામાં આવે છે, તે દીર્ઘ શ્વાસોશ્વાસ લેવાની ટેવ પાડવી. ધીમા અને દીર્ઘ શ્વાસોશ્વાસ લેવા એટલે જ્યાં સુધી પેટ અને છાતી શ્વાસોશ્વાસથી ભરાય ત્યાં સુધી ધીમો ધીમો શ્વાસ તેમાં ભરવો, અને પછી તેવીજ રીતે ધીમોધીમો શ્વાસ મુકવો, તે સંપૂર્ણ રીતે બહાર નીકળી રહે ત્યાં સુધી શ્વાસને બહાર કાઢવો. આ પ્રમાણે દીર્ઘ શ્વાસોશ્વાસથી લોહી બહુ સારી રીતે ફરી શકે છે, લોહીની શુદ્ધિ પણ સારી થાય છે, અને તેવી રીતે લીધેલા શ્વાસોશ્વાસ કોઈ વખત અજીર્ણ થયું હોય તો તે મટાડવામાં પણ ઉપયોગી થાય છે. આ શ્વાસોશ્વાસની ટેવ તો બહુજ લાભદાયક છે. શરીરને તંદુરસ્ત, અને આનંદમય રાખે છે. વળી લોહી તે ભાગમાં વધારે ફરે તે માટે બીજો માનસિક ઉપાય છે, તે આ પ્રમાણે છે. હમેશા ખાવાની શરૂઆત કરો તે પહેલાં થોડી મીનીટ સુધી તમારા મનને શરીરના તે ભાગ ઉપર સ્થીર કરો, શાંતિથી મનનું લક્ષ શરીરની હોજરીના અને તેની સાથેના ભાગઉપર સ્થાપિત કરો, અને તે દરમીઆન લોહી તે ભાગમાં વધારે ફરે છે તેવી ધારણા કરો. થોડા વખત સુધી આ પ્રમાણે ટેવ પડશે એટલે તે ભાગમાં લોહી વધારે ફરે છે તેમ તરતજ તમને લાગશે. આ સાદી રીત પણ તમારા બળમાં બહુ વૃદ્ધિ કરનાર અને પાચનશક્તિને સુધારનાર અવશ્ય નીવડશે. તમારી તે શક્તિમાં મોટો ફેર પડી જશે, અને ખાધેલો ખોરાક તરતજ [illegible] તમને લાગશે, અને પાચનશક્તિની જરાપણ નબળાઈ હશે તો તે તરતજ

[illegible] તોપણ આ રીતનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપયોગ કરવાથી તે સુધારી શકાશે. આ બંને ઉપાયથી લોહી શરીરમાં અને હોજરીના ભાગમાં વધારે ફરશેજ, અને આરોગ્યતાના તત્ત્વો વધારે ફેલાવાથી શરીર પણ બહુ તંદુરસ્ત–સુદ્રઢ થશે. લોહીના ફરવાથી શરીર જેવું શુદ્ધ, તંદુરસ્ત અને સારૂં રહેશે તેવું બીજી કોઈ પણ રીતથી રહેશે નહિ. ખોરાકનો ખરો ઉપયોગ પણ ત્યારેજ થશે. ખોરાકથી મેળવવાના લાભ પણ ત્યારેજ મેળવી શકાશે, અને ખોરાકના પુષ્ટિકારક તત્ત્વો પણ પછીથીજ ઉપયોગી નીવડશે. શરીરનો કોઇ પણ ભાગ નબળો લાગતો હોય, અને ત્યાં લોહીના ફરવાની વધારે જરૂર હોય તો મનના આવી રીતના ઉપયોગથી, તે જાતના વિચાર સેવવાથી, તે તરફ ખાસ લક્ષ ખેંચીને તે બાબતનીજ ઇચ્છા કરવાથી તે કાર્ય કરી શકાશે. હોજરીની બાબતમાં તો લોહીના વધારે ફરવાની ખાસ અગત્ય હોવાથી ખોરાકમાંથી વધારે શરીરને લાભ આપવા શ્વાસોશ્વાસ અને મનની સ્થીરતાના આ બંને ઉપાય જેમ બને તેમ વધારે ઉપયોગમાં લેવા ચુકવું નહિ.

નિયમ ૭ મો–શરીરને સારી રીતે પોષવા માટે ખોરાકની અમુક જાતનો જ નિર્ણય કરી રાખવાની જરાપણ અગત્ય નથી. જે કાંઈ આરોગ્યદાયી અને સારી રીતે રાંધીને તૈયાર થયેલું હોય તે ખોરાક ખુશીથી લેવો, પણ ખોરાક લેતી વખતે એટલુંજ ધ્યાનમાં રાખવાનું કે સંપૂર્ણ આનંદ ભોગવતા–આનંદી ચહેરા સહિત તે ખોરાક લેવો. તમારા ખોરાક માટે કદી પણ બહુ ચોકસ થશોજ નહિ. આ ખોરાકજ સારો–આ ખરાબ–આ નડશે–એવો ખોરાક ખાતી વખતે કદી પણ વિચાર કરશો નહિ. આવા વિચારો પાચનશક્તિને શત્રુરૂપજ નીવડે છે. જે જે માણસો ખોરાક લેતી વખતે આવી જાતના વિચારો સેવે છે, મનને 'ખોરાક નહિ પચે–કેમ ખવાય' તેવા વિચારોમાં દોરવ્યા કરે છે, તેની પાચનશક્તિ કોઈ દિવસ સારી સ્થિતિમાં રહેતી નથી. તેવા માણસોને અજીર્ણની ફરીયાદ ચાલુ કર્યા કરવીજ પડે છે. દરેક જાતનો ખોરાક ખાવામાં પસંદ કરવો, તે બાબતમાં સામાન્ય વિચારજ કરવો–બહુ ચોકસ તે બાબતમાં થવું નહિ. ખોરાક આરોગ્યવર્ધક અને સુપક્વ હોય એટલોજ વિચાર કરવાનો છે; પછી તો સારી રીતે આનંદથી તેનો ઉપભોગ લેવો, અને 'તે ખોરાક તમને પચશેજ–તમને પુષ્ટિ કરનારજ નીવડશે' તેવી ધારણાથીજ જોઇતા ખોરાકનો ઉપભોગ લેવો. ખોરાક ખાવામાં જોઇએ તેટલો લેવો, અને ખાતી વખતે બાદશાહી ખાણા ઉપર બેઠા છીએ, તેવા સુંદર વિચાર પૂર્વક–આનંદથી તેનો સારી રીતે ઉપભોગ લેવો.

નિયમ ૮ મો–છેલ્લો અને ઉપયોગી નિયમ તે **ઉણોદરી** વ્રતનો આદર કરવો તે છે. ખોરાક જોઇતોજ લેવો. ગમે તેવી વહાલી વસ્તુ મળે તોપણ અકરાંતીયા થઇને તેનો કદી લાભ લેવો નહિ. શરીરમાં વધારે અન્ન નાખવાથી તે

For Private And Personal Use Only

વધારે ફાયદાકારક નીવડે છે તેવી માન્યતા ખોટી છે. જોઈતો ખોરાકજ શરીરને લાભદાયી થાય છે. સહજ ઉણા રહેવાથી હોજરીને બહુ ઠીક રહે છે. હોજરીના ચાર ભાગ કલ્પી બે ભાગ ખોરાકથી, એક ભાગ જળથી, અને એક ભાગ શ્વાસથી ભરવો. તેવી પ્રાચીન કહેવત બહુ ઉપયોગી છે. ખોરાક અડધી હોજરીથી વધારે તેમાં નાખવો નહિ. ઘણી વખત કેટલાક મનુષ્યો બંદુકમાં દારૂની જેમ ઠસાય તેટલો ખોરાક પેટમાં ઠાંસે છે, અને પછી હેરાન થતાં-અજીર્ણનું દુઃખ ભોગવતાં માલુમ પડે છે. ઉણોદરી વ્રતનો નિયમ તે માટે બહુજ ઉપયોગી અને શરીરને ફાયદો કરનાર છે. સહજ ભુખ્યા રહેવાથી શક્તિ ઓછી થાય છે તેવી માન્યતા ખોટી છે. જોઈતો ખોરાક આનંદ પૂર્વક લેવાથી તે શરીરને અવશ્ય આરોગ્ય વર્ધક નીવડશે તેમાં સંશય નથી. દરેક ખોરાકમાં પુષ્ટિકારક તત્ત્વો રહેલાજ છે, અને તે ખાવાથી તમને પુષ્ટિ મળશેજ, તમારી શક્તિમાં વધારો થશેજ, તેવું માનીનેજ ખોરાક વાપરજો. આવી રીતે ખોરાક વાપરવાથી તે શરીરને અને મનને વિશેષ શક્તિ આપનાર નીવડશે.

ઉપરના વિવેચનથી ખોરાકમાં શા શા નિયમો પાળવાના છે તે સમજાણુંજ હશે. આ નિયમો સાચવીને ખોરાક લેવાથી-તે નિયમો સાચવવાનો નિર્ણય કરીનેજ ભોજનગૃહમાં પ્રવેશવાથી ખોરાકથી જે લાભ મેળવવાના છે, તે અવશ્ય મેળવાશેજ. વળી વિશેષ લાભ તે થશે કે તમારે મંદવાડ ભોગવવાનો પ્રસંગ કવચિતજ આવશે. ઘણાખરા રોગોની ઉત્પત્તિ અજીર્ણમાંથીજ થાય છે, આ પ્રમાણે નિયમો સાચવીને ખોરાક લેવાથી અજીર્ણનો ભય સદાને માટે દૂરજ થશે, એટલુંજ નહિ પણ આ નિયમો સાચવવાથી જો તમને અજીર્ણનો વ્યાધિ હશે-ખાધું નહિ પચતું હોય, તેની ફરીયાદ તમારે હમેશાં કરવી પડતી હશે, તો તે પણ સદાને માટે દૂર થશે, અને અજીર્ણને લીધે જે ખોરાક તમને ભારે, હાની કર્તા, શરીરને ઉપદ્રવકારી લાગતો હશે, તે ઉલટો લાભદાયી અને શક્તિવર્ધક લાગશે. વળી શરીર પાસે જે જે કાર્યો કરાવવાના હોય, જે જે યુક્તિઓનો અમલ કરાવવો હોય, તે સુદ્રઢ અને આરોગ્ય શરીર થવાથી બહુ ઉત્તમ રીતે કરાવી શકાશે. એટલું યાદ રાખજો કે આ માનવ દેહ માત્ર ખાવા પીવા માટેજ અગર કાંઇપણ નવીન કાર્ય કર્યા વગર ફક્ત પશુની માફક નકામો પસાર કરવા માટે મળેલો નથી, તેનાથી ઘણા પરોપકારી કામો કરવના છે. તન, મન, ધનથી જે કાંઇ જનસેવા બની શકે તેટલી કરવાની છે, અને તે સેવા કરવા માટે શરીરના આરોગ્યની ખાસ જરૂર છે. " પહેલું સુખ તે જાતે નર્યાં " સર્વ સુખમાં પહેલું સુખ તે આરોગ્યજ છે, મળેલ વૈભવો પણ તેનાથીજ ભોગવાય છે, તેથી [illegible] ખોરાક લેવાના નિયમો સાચવીને જે ભોજ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

નને ન્યાય આપશો, તો જે જે ઇચ્છાઓ કરશો તે પૂરી પડી શકશે, અને જે કાંઇ જ્ઞાતિ અગર દેશસેવા કરવા ધારશો તે કરી શકશો.

શરીરને આરોગ્યદાયી આ નિયમો તરફ સર્વ બંધુઓનું પુનઃ પુનઃ લક્ષ ખેંચી આ વિષય સંપૂર્ણ કરવામાં આવે છે.[1]

કાપડીયા નેમચંદ ગીરધરલાલ.

નોટ–આ નિયમો ખોરાક કેમ લેવો તેને લગતા છે તેની સાથે એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે ખોરાક કયો લેવો? કયા પદાર્થો લેવા? તે જાણવાની–વિચારવાની–તેનો નિર્ણય કરવાની ખાસ જરૂર છે. તેથી તેને લગતો એક નિયમ નીચે પ્રમાણે વધારવો.

"જે પદાર્થો શાસ્ત્રકારે સર્વકાળે અથવા અમુક કાળે અભક્ષ્ય કહ્યા હોય, જે પદાર્થો ત્રસ જીવોથી વ્યાપ્ત હોય, જે ખાવાથી અનેક ત્રસ જીવોની વિરાધના થતી હોય તેવા પદાર્થો કદી પણ ખાવા નહીં. કારણકે તેથી આ ભવમાં શરીર બગડે છે, જંતુસહિત ખોરાક શરીરને અત્યંત હાની કરે છે અને તેથી અશુભ કર્મ બંધાવાને લીધે પરભવ પણ બગડે છે. ત્યાં દુર્ગતિમાં ગમન થાય છે અને અનેક પ્રકારનાં દુઃખ ભોગવવાં પડે છે." તેથી સર્વ નિયમોમાં અગ્રસ્થાને મૂકવા લાયક આ નિયમ અવશ્ય ધ્યાનમાં રાખવો.

વળી ખોરાક બહુ રાચીમાચીને અત્યંત આસક્તિ ધરાવીને ખાવો નહીં. કારણકે ખાધા પછી તેનું શું પરિણામ આવે છે તે વિચારવું. વળી ગમે તેટલી આસક્તિથી ખાધા પછી મુખમાં તેનો રસ રહેતો નથી અને અમુક સમયે પાછી ક્ષુધા તો હાજરજ રહે છે માટે આ બાબત પણ ખાસ ધ્યાનમાં રાખવી.[2] **તંત્રી.**

आगमप्रकाशन कार्य.

(તત્ત્વાર્થાધિગમ સભાષ્યના હિંદી અનુવાદનું અવલોકન.)

આ સંબંધમાં પ્રથમ બે ત્રણ વાર લેખો લખેલા છે. હવે આ લેખ વધારે લંબાવવાની જરૂર નથી, કારણકે જો રામબાણ ઔષધી આપ્યા છતાં તેની અસર ન થાય તો પછી વ્યાધિ ત્રીજી કોટીમાં પ્રવેશ કરી ગયેલ છે એમ સમજવાનું છે. અમે પીસ્તાળીશ આગમ અનુવાદ સાથે પ્રગટ કરનાર બંધુઓને ખાસ જણાવીએ છીએ કે હજુ પણ જો તેને અનુવાદકાર સાચો–યથાર્થ અનુવાદ કરશે

૧ એક ઇંગ્રેજી લેખનું અનુકરણ ૨ વિશેષ માટે જુઓ જૈનધર્મ પ્રકાશ પુ. ૨૦ પૃષ્ટ ૨૪૫. શ્રાદ્ધભોજનવિધિનો લેખ. ઉપદેશપ્રાસાદ સ્થંભ ૧૨ મો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવો લેશ પણ ભરૂસો હોય તો તેમણે શરૂ કરેલા ભગવતિજી મહાસૂત્રની ટીકામાંથી ઉદ્ધરેલી નિગોદ ષટ્ત્રિંશિકા વિગેરે ષટ્ત્રિંશિકાઓ માત્રનો અનુવાદ તે પંડિત મહાશયો અમને સમજાવવાનું કબુલ કરે તો અમને લખવું. અમે તે કહે ત્યાં તેમની પાસે જઇએ અથવા તે અમારી પાસે આવે. આ બે ત્રણ ષટ્ત્રિંશિકાઓ યથાર્થ સમજાવશે તો એટલા ઉપરથી તેઓ દ્રવ્યાનુયોગમાં કાંઇક પણ સમજે છે એવી અમે અલ્પ સંભાવના કરી શકીશું. પણ જો તેઓ એટલું પણ યથાર્થ સમજાવી ન શકે તો પછી ભગવતિજી જેવા મહાન્ સૂત્રમાં રહેલી અનેક દ્રવ્યાનુયોગ સંબંધી હકીકતોનો અનુવાદ તેઓ કઇ રીતે ખરો કરી શકવાના હતા ? અમે હાલમાંજ અહીંના એક પંડિતની એવા અનુવાદ કરવાના કાર્યને અંગે એક ષટ્ત્રિંશિકાનો અનુવાદ કરાવી પરીક્ષા કરી છે, તે ઉપરથી જણાયું છે કે જૈન સિદ્ધાંતોના પૂરેપૂરા બોધ વિના એવો અનુવાદ કરવાનું કામ હાથ ઝાલવું એ પણ એક પ્રકારની ધૃષ્ટતાજ છે. પછી જ્યાં જોનાર તપાસનાર ન હોય ત્યાં ભલે તેનું કામ પસાર થઇ જાય, પણ તેથી તે કાર્ય સત્ય ઠરી શકતું નથી.

આગમોના અનુવાદ કરાવવા તત્પર થયેલા બંધુઓના દિલમાં ‘ સૂત્રોમાં રહેલી ગંભીર રહસ્યવાળી બાબતોના શ્રાવકાદિ અધિકારી નથી ’ એ વાત ઉતરતીજ નથી. તેમને ધડો લેવા માટે શ્રી અધ્યાત્મસારના છઠ્ઠા પ્રબંધમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે તે ગ્રંથમાં બતાવેલા રહસ્ય માટે પણ શું કહ્યું છે તે જણાવવા તે પ્રબંધના અંતમાં આપેલા પાંચ શ્લોક આ નીચે આપીએ છીએ.

इदं हि परमध्यात्मममृतं ह्यद एव च ।
इदं हि परमं ज्ञानं, योगोऽयं परमः स्मृतः ॥१९१॥
गुह्याद्गुह्यतरं तत्त्वमेतत्सूक्ष्मनयाश्रितम् ।
न देयं स्वल्पबुद्धिनां, ते ह्येतस्य विडंबकाः ॥१९२॥
जनानामल्पबुद्धिनां, नैतत्तत्त्वं हितावहम् ।
निर्बलानां क्षुधार्त्तानां, भोजनं चक्रिणो यथा ॥ १९३ ॥
ज्ञानांशदुर्विदग्धानां, तत्त्वमेतदनर्थकृत् ।
अशुद्धमंत्रपाठस्य, फणिरत्नग्रहो यथा ॥१९४॥
व्यवहाराविनिष्णातो, यो ज्ञीप्सति विनिश्चयम् ।
कासारतरणाशक्तः, सागरं स तितीर्षति ॥१९५॥

આગમ પ્રકાશકો સંસ્કૃતના તો વેત્તાજ હોવા જોઇએ તેથી ઉપરના શ્લોકોના અર્થ આપવાની જરૂર વિચારી નથી. તોપણ જણાવવાનું કે—આ શ્લોકોમાં અધ્યાત્મ કે જે અમૃતની ઉપમાને યોગ્ય છે તે અમૃત પણ અયોગ્ય જીવને આપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માની કર્ત્તા મનાઈ કરે છે. અને તેવા સૂક્ષ્મ નયાશ્રિત તત્ત્વને માટે સ્વલ્પબુદ્ધિવાળા મનુષ્યોને અયોગ્ય લેખવે છે. એટલુંજ નહીં પણ તેને ઉલટા આ રહસ્યના વિડંબક માને છે. વળી અલ્પબુદ્ધિવાળાને માટે આ અમૃત હિતાવહજ માનતા નથી. તેને માટે ચક્રવર્તીનું ભોજન નિર્બળ એવા ક્ષુધાર્ત્તને આપવાથી જેવી હાની ઉત્પન્ન થાય તેવી હાનીનો સંભવ બતાવે છે. સિદ્ધાંતમાંહેનું રહસ્ય શું આ કરતાં કાંઈ અલ્પ સત્ત્વવાળું છે કે તેને માટે અલ્પબુદ્ધિવાળાને અયોગ્ય ન માનવા? વળી એવા દુરાગ્રહી જ્ઞાનલવના દુર્વિદગ્ધ મનુષ્યોને માટે આ તત્ત્વ ઉલટું અનર્થકારી કહે છે. તેની ઉપર અશુદ્ધ મંત્રપાઠીનું દૃષ્ટાંત આપે છે. અશુદ્ધ મંત્રપાઠી જેમ મંત્રથી થતો લાભ મેળવતો નથી પણ તેના અધિષ્ટાયક દેવના કોપનું ભાજન થાય છે, તેમ જિનાજ્ઞાથી વિપરીત માર્ગે ચાલનાર જિનવાણીને પ્રકટ કરતા સતા જિનવાણીના આરાધક થતા નથી, તેનું બહુ માન કરનારા ઠરતા નથી; પણ તેના વિરાધક અને આશાતના કરનારા ઠરે. છે પ્રાંતે વ્યવહારમાં પૂરા પ્રવીણ થયા સિવાય નિશ્ચયને લેવા જનારને માટે કહે છે કે તે પ્રાણી તળાવ તરવાને અશકત છતાં સમુદ્ર તરવાની ઇચ્છા કરે છે. તેમાં પેસે છે, તેનું પરિણામ તેને ડુબી જવામાંજ આવે છે. આ પાંચે શ્લોકોનું રહસ્ય બરાબર વિચારવામાં આવશે તો જરૂર પોતાની ધારણામાંથી પાછા હઠવાપણું થશે એમ અમારી માન્યતા છે.

હવે તત્ત્વાર્થાધિગમના અનુવાદમાં આગળ કેવી કેવી ભૂલો કરી છે તે ટુંકામાં બતાવી તે પ્રસંગ સમાપ્ત કરવા ઇચ્છીએ છીએ.

પૃષ્ઠ ૮૨ ના પ્રાંત ભાગમાં ભાષ્યકારે પરિધિ વિગેરે આઠ પ્રકારના ગણિત કેવી રીતે કરવા? તેની કુંચીઓ બતાવી છે. તેમાં પણ કેટલીક અશુદ્ધતા છે. દૃષ્ટાંત તરીકે પ્રથમ વાકય **विष्कंभकृतर्दशगुणाया मूलं वृत्तपरिक्षेपः** આ પ્રમાણે છે, તેમાં **विष्कंभवर्गकृते** જોઈએ. એટલે **वर्ग** શબ્દ રહી ગયો છે. આ આઠ પ્રકારના ગણિતવાળા સૂત્રનો પૃષ્ટ ૮૩ ના પ્રારંભમાં અનુવાદકારે તદન સમજ્યાવિના અનુવાદ કર્યો છે. તેમાં લખે છે કે-" વિષ્કંભકૃત દશ ગુણકા મૂળ વૃત્ત પરિક્ષેપ હૈ. ઔર વહ વૃત્ત પરિક્ષેપ વિષ્કંભ પાદાભ્યસ્ત ગણિત હૈ. " ઇત્યાદિ. આ તદન ખોટો અને વળી મૂળના શબ્દે શબ્દજ મૂકી દીધેલો અનુવાદ છે. એનો ખરો અર્થ એ છે કે-' વિષ્કંભનો વર્ગ કરી તેને દશગુણો કરી તેનું વર્ગમૂળ કાઢતાં જે આવે તે વૃત્ત (ગોળ) વસ્તુની પરિધિ જાણવી. અને તે પરિધિને વિષ્કંભના એટલે વિસ્તારના ચોથા ભાગે ગુણતાં જે આવે તે ગણિતપદ અર્થાત્ ક્ષેત્રફળ જાણવું. ' આ પ્રમાણે આઠે પ્રકારના ગણિત ટુંકામાં બહુ વિદ્વત્તા ભરેલી રીતે બતાવ્યા છે. તે બીલકુલ સમજ્યા વિના તે ના તે શબ્દો પણ ઘડાવિના મૂકી અનુવાદ લખ્યો છે. તોપણ એટલું ઠીક છે કે નીચે નોટમાં અનુવાદકાર લખે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે–" યે ગણિત કે પારિભાષિક શબ્દ હૈ, હમારી સમજમેં પૂર્ણ રૂપસેં નહીં આયે." આટલું કબુલ કર્યું છે પણ તે શા કામનું? અનુવાદ કરવા માંડ્યા પછી જે હકીકત ન બેસે તે તેના જાણકારને પૂછી ખરો અર્થ સમજી, લખવોજ જોઈએ. વળી પૂર્ણ રૂપમાં સમજવામાં નથી આવ્યા એમ લખેલ છે તે પણ ખોટું છે; બીલકુલ સમજેલજ નથી. એની ખાત્રી જે અનુવાદ વાંચે તેને થઈ શકે તેમ છે. અનુવાદ કરવા બેસવુંને પછી આમ લખવું કે અમારી 'સમજમાં આવ્યું નથી' તે ચાલી શકે નહીં. કોઈ સમજાવનારજ ન મળે તો ચાલે. બાકી આ ગણિતો તો જૈનો તેમજ જૈનેતરો પણ જાણે તેવાં છે; તેથી તેમાં તો પ્રયાસનીજ ખામી છે. પછી ભાષ્યકાર કહે છે કે–**अनेन करणाभ्युपायेन** ઈત્યાદિ. તેના અનુવાદમાં 'ઇસ કારણ રૂપ ઉપાયસેં'–ઈત્યાદિ લખે છે. જ્યાં **કરણને કારણનો** ભેદ ન સમજાય ત્યાં અનુવાદ સાચો ક્યાંથી થાય? આ વાક્યના અનુવાદને અંગે નીચે નોટ લખી છે, તેમાં પણ સમજ્યા વિના અગડં બગડં લખી દીધું છે તે પરીક્ષકોએ વાંચી લેવું.

પૃષ્ઠ ૮૩ પંક્તિ ૧૭મી માં ભાષ્યકાર લખે છે કે–**अरविवरसंस्थिता वंशा इति.** આનો અનુવાદ–'અરોંકે વિવરોંમેં (છિદ્રોંમેં) સ્થિતકે સમાન હૈ, ઈસ કારણસે યે વંશ કહે જાતે હૈ.' આ પ્રમાણે કર્યો છે. આ અનુવાદથી શું સમજવું? ભાષ્યકારનું કહેવું એ છે કે–'બે પર્વતોના મધ્ય ભાગમાં રહેલા છે તે વંશ એટલે ક્ષેત્રો કહેવાય છે.' આ અર્થ અનુવાદમાંથી શી રીતે કાઢવો?

પૃષ્ઠ ૮૬ પંક્તિ ૩૧મી માં પ્રથમ હિમવત પર્વતની ચાર દાઢા ઉપર આવેલા ૨૮ અંતરદ્વીપ નામ સાથે ગણાવીને પછી લખે છે કે–**शिखरिणोऽप्येवमेवेत्येवं षट्पंचाशादिति.** અનુવાદ–"ઇસી પ્રકાર છપ્પન અંતરદ્વીપ શિખરી પર્વત સંબંધી ભી જાનને ચાહિયે." ભાષ્યકાર કહે છે કે 'હિમવત્ પર્વત પ્રમાણે શિખરી પર્વત ઉપર પણ ૨૮ અંતરદ્વીપ જાણવા અને કુલ મળીને ૫૬ જાણવા.' ત્યારે અનુવાદકાર શિખરી ઉપર પણ ૫૬ ઠરાવી દે છે. પણ જ્યાં હકીકતનું કે અર્થનું ભાન નહિ ત્યાં બીજું શું લખી શકાય?

પૃષ્ઠ ૮૫ પંક્તિ ૨૬ મીમાં ભાષ્યકારે લખ્યું છે કે–**भरतेष्वर्धषड्विंशतिषु जनपदेषु०** તેનો અનુવાદ પૃષ્ઠ ૮૬ પંક્તિ પાંચમીમાં–'ભારતવર્ષકે સાઢે છવ્વીશ જનપદોમેં૦' આવો કર્યો છે. સંસ્કૃતના વિદ્વાન થઈને બેસવું અને **अर्धषड्विंशति** નો અર્થ સાડી પચવીશને બદલે સાડી છવીશ કરવો એ કેટલું બધું શરમાવા જેવું છે?

હવે નાની નાની ભૂલોને મુકી દઈ મોટી મોટી એક બે ભૂલો જ બતાવવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યોતિષીઓના વિમાનનું પ્રમાણ બતાવતા સતા ભાષ્યકાર ભગવાન પૃષ્ટ ૧૦૧ પંક્તિ ૫ મીમાં કહેછે કે—**अष्टचत्वारिंशद्योजनैकषष्ठिभागाः सूर्यमंडल-विष्कंभः, चंद्रमसः षट्पंचाशद्.** આનો અનુવાદ તેજ પૃષ્ટની પંક્તિ ૨૪ મીમાં આ પ્રમાણે કર્યો છે-" અડતાળીશ (૪૮) યોજન તથા સાઠમેં એક ભાગ ૧/૬૦ યોજન સૂર્ય મંડળકા વિષ્કંભ હૈ. ચંદ્રમાકા છપ્પન (૫૬) યોજન. " જુઓ ! સૂર્યનું વિમાન ને ચંદ્રનું વિમાન કે જે પૂરા એક યોજનનું નથી પણ સૂર્યનું એક યોજનના એકસઠીઆ ૪૮ ભાગનું અને ચંદ્રનું એકસઠીઆ ૫૬ ભાગનું છે તેને ૪૮ યોજનનું અને ૫૬ યોજનનું બનાવી દે છે. શબ્દાર્થ વિચારતા નથી, આગળ પાછળનો સંબંધ જોતા નથી, દિગંબર કે શ્વેતામ્બર કોઇ શાસ્ત્રનો બોધ નથી, એટલે પછી અનુવાદમાં જેમ આવે તેમ લખી દેવું! તેજ ધોરણ અંગીકાર કર્યું છે. આવા અનુવાદ ઉપરથી શીખનાર કેટલું ખોટું શીખે તે વિચારવાનું છે અને આવા અનુવાદને પ્રમાણ ગણી તેની કે તેવાની પાસે બીજા અનુવાદ કરાવવા તે કેટલું જોખમભરેલું છે તે પણ વિચારવાનું છે.

હવે ઘણી બાબત છોડી દઈ માત્ર અનુવાદકારની એક બે છેવટની શબ્દાર્થ સંબંધી અજ્ઞાનતા બતાવી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

પૃષ્ટ ૨૩૪ ની છેલી પંક્તિમાં **जघन्या सप्त रत्नयो** લખેલ છે તેનો અનુવાદ ' કમ સપ્ત અરત્નિપ્રમાણ (પ્રમાણ વિશેષ) ' આવો કર્યો છે. આ અનુવાદ શબ્દ અનુસારે પણ ખોટો કર્યો છે રત્નિનું અરત્નિ લખ્યું છે અને **રત્નિ** શબ્દનો અર્થ **હાથ** થાય છે તેનું અજ્ઞાનપણું પ્રકટ કર્યું છે.

એક સમયે કેટલા સિદ્ધે એ સંબંધમાં પૃષ્ટ ૨૩૫ પંક્તિ ૨૨માં ભાષ્યકાર લખે છે કે—**संख्या । कत्येकसमये सिध्यन्ति । जघन्येनैक उत्कृष्टेनाष्टशतम् ॥** આનો અનુવાદ-" સંખ્યા કે વિષયમેં કિતને એક સમયમેં સિદ્ધ હોતે હૈ ? જઘન્ય રૂપસે તો એકકા ગ્રહણ હૈ ઔર ઉત્કૃષ્ટતાસે અષ્ટશત અર્થાત્ આઠસૌ (૮૦૦) કા ગ્રહણ હૈ. " આ પ્રમાણે કર્યો છે. આ અનુવાદ કેટલું બધું અજ્ઞાનપણું સૂચવે છે. ઉત્કૃષ્ટા ૧૦૮ સિદ્ધે છે એ સામાન્ય પ્રકરણના બોધવાળો પણ જાણે છે તેને બદલે અહીં હકીકતના ને અર્થના અજ્ઞાનપણાથી ૮૦૦ ઠરાવી દીધેલા છે.

આવી ભૂલો કેટલી કાઢવી ? ને કેટલા પાના રોકવા ? હવે વધારે આ હકીકતનો વિસ્તાર કરવાની જરૂર જણાતી નથી. કારણકે જેને લક્ષ આપવું હશે તેને માટે આટલું પણ ઘણું છે. તેથી હાલ તો આ અવલોકન કાર્ય સમાપ્ત કરવામાં આવે છે. ઈત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अग्यारमा व्रत उपर कथा.

કુવ્યાપારના તથા સ્નાનાદિકના ત્યાગપૂર્વક બ્રહ્મચર્ય સહિત જે તપસ્યા કરવી, તે પૌષધ નામનું ત્રીજું શિક્ષાવ્રત કહેલું છે. આ વ્રત શુદ્ધ એવા સાધુના વ્રતની જેમ એક રાત્રિ દિવસ અથવા આખી રાત્રી સુધી જિતેંદ્રિયપણે પાળવાનું છે. ભવરૂપી સર્પના વિષને છેદવા માટે તથા આપત્તિરૂપ તાપને છેદવા માટે **મિત્રાનંદ** નામના મંત્રીશ્વરની જેમ પૌષધ વ્રતનું પાલણ કરવું.

પૌષધ વ્રત ઉપર મિત્રાનંદ મંત્રીની કથા.

ધર્મવડે નિર્મળ, દ્રવ્યવડે અત્યંત પ્રકાશમાન અને કામદેવની ચપળતાનો નાશ કરનાર **પુષ્પપુર** નામે નગર છે. તેમાં યુદ્ધને વિષે શત્રુ રાજાઓને અમૃતની દાનશાળારૂપ અને પોતાના તેજવડે સૂર્યનો પરાજય કરનાર **ભાનુ** નામે રાજા હતો. તે રાજાને **મિત્રાનંદ** નામે પ્રસિદ્ધ મંત્રી હતો. તે બૃહસ્પતિને પણ પોતાનો શિષ્ય કરે એવો બુદ્ધિના સ્થાનરૂપ હતો. એકદા સભા મધ્યે રાજા તથા મંત્રી વચ્ચે ઉદ્યોગ અને પુણ્ય (નસીબ) ના સ્થાપન વિષે ઘણો વિવાદ થયો. તે વખતે રાજાએ ક્રોધથી સચિવને કહ્યું કે–" જો તારે ઉદ્યોગ પ્રમાણરૂપ ન હોય અને પુણ્યજ પ્રમાણ હોય, તો પુણ્યના બળથી ગર્વિષ્ઠ થયેલો તું તારા પુણ્યના માહાત્મ્યે કરીને મારા રાજ્યની ઋદ્ધિ લઇ લે. " વળી વૃદ્ધિ પામેલી ઇર્ષ્યાથી રાજા બોલ્યો કે–" જો કોઇ માણસ આ નગરીમાંથી તારી પાછળ આવશે, તો આ મારા તૃષાયુક્ત થયેલા ખડ્ગ તેના કંઠનું રૂધિરપાન કરશે. હે તુચ્છ બુદ્ધિવાળા પ્રધાન ! અહીંથી તું જલદી ચાલ્યો જા, તારૂં વચન પૂર્ણ કર, તારે ઘેર પણ જઇશ નહીં, અને અહીંથીજ બીજે ગામ જા. " આ પ્રમાણે રાજાની આજ્ઞા સાંભળીને તે શ્રેષ્ઠ મંત્રી દૃઢ આવેશમાં આવેલો હોવાથી એકલોજ દેશાંતર તરફ ચાલ્યો. પ્રથમજ પૃથ્વી પર ચાલવાથી પીડા પામતા પગવડે તે અદ્‌ભુત ઉદ્યમવાળો મંત્રી જાણે મોટો પર્વત હોય તેમ નગર બહાર નીકળ્યો. મહાપુણ્યવંત તે પ્રધાન મધ્યાહ્ન સમયે અત્યંત થાકી ગયો. તેવામાં તેણે જાણે ચંદ્રની સર્વ કળાથી યુક્ત હોય એવું નિર્મળ એક સરોવર જોયું. તે સરોવર જાણે તૃષાર્ત માણસોને બોલાવવા માટે ચપળ કલ્લોલરૂપી હસ્તના સમૂહને તથા ભ્રમરાઓના ઘણા ગુંજારવ જેમાં થાય છે એવા કમળોરૂપી કરોડો મુખને ધારણ કરતું હોય એવું દેખાતું હતું. પછી તે પ્રધાન તેમાં સ્નાન કરી જળપાન કરી તેની પાળપર રહેલા વૃક્ષની નીચે બેઠો. તેવામાં પોતાની પાસે આકાશથી શીઘ્રપણે ઉતરેલો એક પુરૂષ તેણે જોયો. તે પુરૂષે તેને કહ્યું કે–" આ મણિની પૂજા કરવાથી તે સંધ્યા સમયે તને ચિંતવેલું અન્ન આપશે, અને પછી પણ ઘણી ઋદ્ધિ આપશે. " એમ કહીને તે દિવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરૂષ મંત્રીએ આશ્ચર્ય પામી "શું ! શું !" એમ ઉંચે સ્વરે પૂછયા છતાં પણ તેના હાથમાં ચિંતામણિ રત્ન મૂકીને તત્કાળ આકાશમાં ચાલ્યો ગયો. ત્યારપછી હર્ષથી જેનું શરીર રોમાંચિત થયું છે એવો તે પ્રધાન સાયંકાળે તે મણિની કમળોવડે પૂજા કરી સૈન્યનો સમૂહ રચીને નગર તરફ ચાલ્યો. હાથી, ઘોડા અને રથોના સમૂહવાળા તથા વાજિંત્રના શબ્દથી આનંદ પામતા મિત્રાનંદે તે સૈન્યવડે પુરને વીંટી લીધું. પછી 'આ પુરીનો રોધ કોણે કર્યો છે?' તે જાણવા માટે રાજાએ ગૂઢચરોને મોકલ્યા, તેમને જોઇને પ્રધાને કહ્યું કે-"ભુજાના ગર્વથી મોટા ભાગ્ય સમૂહના ઉદ્‌ભવનો પરાભવ કરનાર રાજાને મારા વચનથી તમારે કહેવું કે પુણ્યવડે સૈન્યના સમૂહને પામેલો મિત્રાનંદ આવ્યો છે, તમે પરાક્રમવડે વિશ્વને જીતી લીધું છે, તો મારી સામે લડવાને બહાર આવો." આ પ્રમાણે કહીને તે સચિવે તેમને આભૂષણોથી શણગારીને પાછા મોકલ્યા. તેઓએ પણ રાજા પાસે જઇને સર્વ વૃત્તાંત યથાસ્થિત કહ્યો. તે સાંભળીને ચતુર રાજા સ્વસ્થ (શાંત) થઇને કેટલાએક મનુષ્યો સહિત જ્યાં મિત્રાનંદ રહ્યો હતો ત્યાં આવ્યો. તે વખતે રાજાને પોતાની પાસે આવેલો જોઇને મંત્રી ઉભો થયો કારણ કે સત્પુરૂષોને પ્રિયજનનું દર્શન થાય ત્યાં સુધીજ વિરોધ યુક્ત છે. પછી પ્રધાને સુવર્ણના આસનપર બેસાડેલા રાજાએ તેને પ્રણામ કરી બળાત્કારે પોતાના અર્ધા આસનપર બેસાડીને કહ્યું કે-"પરાક્રમાદિક ઉદ્યમ કરતાં પણ પુણ્ય વધારે શ્રેષ્ઠ છે; કારણ કે ઉદ્યમી માણસો પણ પુણ્યવંતના કિંકર બને છે. તમારા ભાગ્યનો ઉદય કોઇક અદ્‌ભુતજ છે, અને તેથી આવો સૈન્ય સમૂહ તમને પ્રાપ્ત થયો છે, કે જેથી હું તમારો સ્વામી છતાં પણ તમારી પાસે કિંકરની જેમ આવ્યો. પરંતુ તમને આટલી બધી વિભૂતિ (વૈભવ) કયાંથી પ્રાપ્ત થઈ ?" આ પ્રમાણે રાજાના પૂછવાથી મંત્રીએ પોતાનું ચરિત્ર યથાર્થ કહ્યું. ત્યાર પછી વિકસ્વર નેત્રોથી વિસ્મય સહિત લોકોએ જોવાતા રાજાએ આનંદ પામીને મિત્રાનંદ સહિત પુરમાં પ્રવેશ કર્યો. પછી મણિના માહાત્મ્યથી મંત્રીની લક્ષ્મી અને ઉપાયો ફળદાયક થયા, અને રાજાની સાથે અદ્‌ભુત મૈત્રી વૃદ્ધિ પામવા લાગી. એકદા ભાનુરાજાની સાથે મંત્રી સભામાં બેઠો હતો, તે વખતે આરામિકે આવીને તે ધર્મજ્ઞ મંત્રીને કહ્યું કે-"હે સ્વામી ! આપ પુણ્યથી વૃદ્ધિ પામો છો, કેમકે આજે તમારા ક્રીડોદ્યાનમાં જાણે દેહધારી ધર્મજ હોય એવા **સુમંધર** નામના જ્ઞાની મુનિ સમવસર્યા છે." એ સાંભળીને પ્રધાન તરતજ પ્રીતિથી પોતાના અંગના સર્વ આભૂષણો તેને આપીને રાજાસહિત ઉદ્યાનભૂમિમાં ગયો. પછી રાજા અને મંત્રીએ નેત્રને અમૃતસમાન એવા મુનિનું નેત્રોથી પાન કરી (જોઇ) તેમને વંદના કરી, અને તેમનાં કર્ણને અમૃત સમાન વચનોનું પાન કરવા બેઠા. દેશનાને અંતે રાજાએ મુનીશ્વરને પૂછ્યું કે-"હે પ્રભુ ! પુણ્યવંત એવા આ પ્રધાનને વિપત્તિ વખતે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપત્તિ ક્યાંથી મળી ? ” ત્યારે મુનિ બોલ્યા કે–“ પુણ્યના ભારથી પૃથ્વી પર પડી ગયેલું જાણે સ્વર્ગજ હોય એવી અત્યંત વૈભવવાળી **પદ્મનેત્રા** નામની પ્રસિદ્ધ પુરી છે. તે નગરીમાં **આદિત્ય** નામે રાજા હતો. તે રાજાના પ્રસાદના સ્થાન રૂપ અને જૈન ધર્મમાં ધુરંધર **સુદત્ત** નામે ધનાઢ્ય શેઠ હતો. તે શેઠ એકદા રાત્રીએ પોતા ઘરમાં પાપરૂપી રોગના ઔષધ રૂપ પૌષધ વ્રતને અંગીકાર કરીને શાંત મનવડે રહ્યો હતો. તેવામાં અવસ્વાપિની વિદ્યાને જાણનાર કોઈ ચોરપતિ ઘણા અને ભયંકર પરિવાર સહિત તેના ઘરમાં પેઠો. ત્યાં તે ચોરના સ્મરણ કરવાથી તે વિદ્યાએ સર્વ જનોને મૂર્છા પમાડ્યા, પરંતુ નવકાર મહામંત્રના ધ્યાનમાં રહેલા તે સુદત્ત ઉપર તે વિદ્યા કાંઈ પણ અસર કરી શકી નહીં. એકાંતે બેઠેલા તે શેઠ આપણને જુએ છે એમ નહીં જાણતા તસ્કરોએ આનંદથી તેના ઘરનું સર્વ દ્રવ્ય ગ્રહણ કર્યું. તેમજ દ્રવ્યને માટે તેમણે તત્કાળ પેટીઓ ભાંગી નાંખી, કમાડો તોડી નાંખ્યા અને ભોંયરાઓ પણ ઉઘાડ્યાં. તોપણ ધર્મરૂપી સ્તંભથી નિયંત્રિત થયેલું તે મહાત્માનું મન આટલો બધો ઉત્પાત સમૂહ થયા છતાં પણ ધ્યાનથી જરાપણ ચલિત થયું નહીં. તે ચોરો આવ્યા પહેલાં, આવીને ધનનો સમૂહ ગ્રહણ કરતી વખતે તથા ધન લઈને ગયા ત્યારે પણ (એ ત્રણે સમયે) તેના ધ્યાનનો જરા પણ ભંગ થયો નહીં. ત્યાર પછી ઘરના માણસો રાત્રીને અંતે જાગ્યા ત્યારે તેઓ ધનનો નાશ થયો જાણી શોક કરવા લાગ્યા, પરંતુ શ્રેષ્ઠી તો પૌષધ પારીને દિવસના કાર્યો કરવા લાગ્યો; અર્થાત્ તેણે જરા પણ શોક કર્યો નહીં. ભાગ્યરૂપી કલ્લોલ સાથે આત્માનો સંગ કરનાર તે શ્રેષ્ઠીને અનુક્રમે ધન ઉપાર્જન કરતાં ફરીથી પણ ઘણો દ્રવ્યસમૂહ પ્રાપ્ત થયો. કોઈ દિવસે અવસ્વાપિની વિદ્યાને જાણનાર તે ચોરપતિ તે શ્રેષ્ઠીના ચોરેલા ધનમાંથી એક હાર લઈને તેજ પુરીમાં વેચવા આવ્યો. તે વખતે **ધન** નામના એક વણિકપુત્રે તે શ્રેષ્ઠીનો હાર ઓળખ્યો, તેથી તેણે તે ચોરને તલારક્ષકને સોંપ્યો. તે વૃત્તાંત જાણીને કૃપાળુ શ્રેષ્ઠી શીઘ્રપણે ત્યાં ગયો, અને તે વણિકપુત્રનો આક્ષેપ કરતો તલારક્ષકને કહેવા લાગ્યો કે–“ આ ધનને ખબર નથી કે મારે ઘેર ચોરો આવ્યા પહેલાં આ મહાત્માને મેં મારો આ હાર મૂલ્ય લઈને વેચાતો આપ્યો હતો. તેથી તેને છોડી મૂકો અને આને માથે ચોરીનો અપયશ ન મૂકો. “શું રોહિણીના યોગ (સંબંધ) માત્રથીજ ચંદ્રની જેમ સૂર્યને પણ કલંકી કહેવો ? નહીંજ.” તે સાંભળીને તલારક્ષકે ‘બાર વ્રતને ધારણ કરનારા આ શ્રેષ્ઠી અસત્ય બોલેજ નહીં’ એમ ધારીને તે સુદત્તના કહેવાથી તે ચોરને છોડી દીધો. આવું આ શ્રેષ્ઠીનું વચન અસત્ય છતા પણ પ્રાણીને હિતકારક હોવાથી સત્યજ હતું. માટે અસત્ય વાણીએ કરીને પણ શ્રેષ્ઠીએ તે ચોરને છોડાવ્યો. પછી શ્રેષ્ઠીએ તે ચોરને પોતાને ઘેર લઈ જઈને ભોજન કરાવ્યું, પછી બે સુંદર વસ્ત્રો આપીને તે કુશળ શ્રેષ્ઠીએ તેને ‘ હે ભાઈ ! અકૃત્યમાં બુદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીશ નહીં ' એમ કહી વિદાય કર્યો. તે શ્રેષ્ઠીના ઉપકારવડે તથા ઉપદેશવડે જેનું મન દ્રવિત થયું છે એવો તે ચોર ' અકૃત્ય શું કહેવાય ? ' એ જાણવા માટે બુદ્ધિને ધારણ કરતો (ઇચ્છતો) પુરની બહાર નીકળ્યો. ત્યાં બાહ્યભૂમિમાં **શુભ્રપ્રભ** નામના મુનિરાજને ધર્મોપદેશ દેતા જોયા. તેની દેશના સાંભળીને કૃત્યાકૃત્યના વિવેકને જાણી તે મુનીંદ્રના ચરણકમળ પાસે તેણે દીક્ષા ગ્રહણ કરી. પછી શુદ્ધ ચારિત્રનું પાલન કરીને તે ચોર સૌધર્મદેવલોકમાં દેવતા થયો, અને સુદત્ત મરીને આ તારો મંત્રી થયો. સંપત્તિ હરણ કરાતાં છતાં પણ તેણે પૌષધનો ભંગ કર્યો નહીં, તેથી એને પગલે પગલે વિચિત્ર સંપત્તિઓ પ્રાપ્ત થઇ. અને દેવતા થયેલા ચોરે ઉપકારનું સ્મરણ કરીને ચિંતામાં મગ્ન થયેલા આ મંત્રીને અવસર જાણી ચિંતામણિ રત્ન આપ્યું. " આ પ્રમાણે સાંભળીને રાજાએ મુનિને પૂછ્યું કે–' હે સ્વામી ! મંત્રી તે દેવને જોશે કે નહી ? ' ત્યારે મુનિ બોલ્યા કે–" હે રાજા ! મંત્રીને પોતાના આયુષ્યને અંતે મુક્તિને માટે તે (દેવ)નું દર્શન થશે. કારણકે આ મંત્રીને નંદીશ્વર દ્વીપમાં રહેલા જિનેશ્વરોને નમવાની અભિલાષા થશે, ત્યારે સમયને જાણનાર તે દેવ વિમાન લઇને આવશે, તેમાં બેસીને જતાં માર્ગમાં લવણ સમુદ્રની ઉપર શુધ્ધ ધ્યાનમાં તલ્લીન થવાથી અંતકૃત કેવળીની અવસ્થાને પામેલા આ મંત્રીની મુક્તિ થશે. " આ પ્રમાણે મુનિની વાણી સાંભળીને રાજા વિગેરે સર્વ જનોની બુદ્ધિ ધર્મમાં દૃઢ થઇ. પછી સર્વે આનંદસહિત પોતપોતાને ઘેર ગયા.

હે સદ્બુદ્ધિવાળા ભવ્ય પ્રાણીઓ ! આ પ્રમાણે પૂર્વના પુણ્યથી પૂર્ણ સમૃદ્ધિવાળા મિત્રાનંદની કથા સાંભળીને ભવનો નાશ કરનાર પૌષધને વિષે બુદ્ધિને ધારણ કરો.

। इति पौषधव्रतविचार मित्रानन्दकथा ।

श्रीमंत जैनोंने एक जरुरी अपील.

શ્રીમાન્ મોહનલાલજી જૈન લાઇબ્રેરીના સેક્રેટરી મી. **નરોત્તમ બી. શાહ** તરફથી ગરીબ અને મધ્યમ સ્થિતિના જૈન ભાઇઓ માટે સસ્તા ભાડાની ચાલીઓ મુંબઇમાં સ્વચ્છ અને આરોગ્યવર્ધક રસ્તાઓ ઉપર બાંધવા માટે શ્રીમંત જૈનોને એક અપીલ કરવામાં આવી છે, જેની એક નકલ અમારા ઉપર મોકલવામાં આવી છે. આ અપીલની નોંધ લેવા માટે તેની અંદર જણાવવામાં આવેલા ટેબલોની અંદર ગરીબ અને મધ્યમ વર્ગના જૈનોનાં મરણપ્રમાણ વાંચતાં ખરેખરી દિલગિરી થાય છે. શ્રીમંત જૈનોએ આ બાબતમાં તરતજ લક્ષ ખેંચવાની જરૂર છે. બીજી પ્રજાના પ્રમાણમાં જૈનોની વસ્તીજ ઓછી છે, તેમાં પણ જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસાધારણ મોટું પ્રમાણ મરણની બાબતમાં જોવામાં આવે છે તે ખરેખર ખેદજનક છે. ઇ. સ. ૧૯૧૧ ના વસ્તીપત્રક પ્રમાણે મુંબઇમાંની સર્વ કોમોની વસ્તી અને પછીના ત્રણ વર્ષમાં મરણ પ્રમાણ નીચે દર્શાવવામાં આવ્યા છે તે પ્રમાણે છે.

જાતિ.	વસ્તી.	પ્રત્યેક વર્ષમાં મરણ પ્રમાણ		
		૧૯૧૧	૧૯૧૨	૧૯૧૩
જૈન.	૨૦૪૬૦	૧૪૩૮	૧૪૧૪	૧૩૪૯
બ્રાહ્મણ.	૫૩૬૫૫	૧૨૬૫	૧૩૯૧	૧૧૫૯
પારસી	૫૦૯૩૧	૧૨૪૨	૧૩૧૪	૧૧૪૫
મુસલમાનો	૧૭૯૩૪૬	૮૩૨૧	૯૦૯૭	૬૬૪૬

મુંબઇની વસ્તીના પ્રમાણમાં અને અન્ય કોમની પ્રજાના પ્રમાણમાં મરણ સંખ્યા જૈનોની કેટલી વધારે છે તે તરતજ સમજાય તેવું છે. બીજી જ્ઞાતિમાં એક હજારના પ્રમાણમાં ૨૦ થી ૨૫ ટકા મરણ પ્રમાણ છે. મુસલમાનોમાં ૪૦ ટકા છે ત્યારે જૈનોમાં ૭૦ ટકા મરણ પ્રમાણ આવેછે. તે વાંચતાં-વિચારતાં બહુજ ખેદ થાય તે સ્વાભાવિક છે. બીજી પ્રજા કરતાં જૈન પ્રજાને મુંબઈમાં વધારે ગીચ અને ગલીચ ભાગમાં રહેવાનું છે. ખલાસીચકલો-પાયધુની-સુતારચાલ-છીપીચાલ-માંડવી બંદર વિગેરે બહારકોટના એવા ભાગમાં જૈનોની વસ્તી વસેલી છે કે જે ભાગમાં મરણ પ્રમાણ વધારે આવે છે અને પ્લેગના સમયમાં પ્લેગની શરૂઆત પણ આ લતાઓમાંથી જ થાય છે. પ્લેગની બાબતમાં પણ દર હજારે અન્ય કોમમાં મરણ પ્રમાણ બે-ત્રણ ટકા આવે છે, ત્યારે જૈનોમાં ૧૦-૧૨ ટકા મરણ પ્રમાણ આવે છે. આથી પણ વધારે દીલગીરી ઉપજાવે તેવું મરણ પ્રમાણ બાળકોની બાબતમાં જૈનોમાં આવે છે.

આ બધું વાંચતાં મી. શાહની સસ્તા ભાડાની આરોગ્યદાયી ચાલ માટેની અપીલ ઉપર તરતજ લક્ષ ખેંચવાની જરૂરીઆત અમને જણાય છે. શ્રીમંત ગૃહસ્થોના ધનવ્યયનું આ ઉત્તમ સાધન છે. જૈન બંધુઓને ખરેખરી મહત્વની-ઉપયોગી આ બાબત છે; અને અમને પુરતી આશા છે કે મી. શાહની અપીલને યોગ્ય ન્યાય તરતજ જૈન ગૃહસ્થો આપશે, અને આરોગ્યદાયી રસ્તાઓ ઉપર તેમના તરફથી જૈન ભાઇઓને ઉપયોગમાં આવે તેવી ચાલીઓ બંધાવવાનો સત્વરજ બંદોબસ્ત કરવામાં આવશે. જ્યારે અન્ય અન્ય સ્થળોએ માળાઓ બંધાવી અથવા ખરીદી પોતાના પૈસાનો મોટો ભાગ તેમાં રોકી વ્યાજના બદલામાં ભાડું ખાવું પસંદ કરવામાં આવે છે ત્યારે ઉદાર દીલના શ્રીમંત ગૃહસ્થોએ પોતાના જાતિબંધુ તેમજ ધર્મબંધુઓને આરોગ્યવાળે સ્થળે રહેવામાં સહાયક શા માટે ન થવું ? બીજી જગ્યાએથી બીજાઓનું વધારે ભાડું મેળવી તેનો લાભ જૈન બંધુઓનું ભાડું ઓછું લઇને તેમને આપવો એ દરેક શ્રીમંત ગૃહસ્થનું કર્ત્તવ્ય છે.

For Private And Personal Use Only